Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૦૨
તા.૧૮-૦૫-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ વૈશાખ વદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૨.૫ | વડોદરા | ૪૧.૪ |
| અમદાવાદ | ૪૨.૮ | સુરત | ૩૪.૬ |
| ગાંધીનગર | ૪૩.૪ | નલિયા | ૩૭ |

ચાંદી : ૩૯૦૦૦ સોનું : ૨૮૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# સૌરાષ્ટ્રમાં કરા સાથે વરસાદી ઝાપટા

## અમરેલી અને રાજકોટમાં વરસાદી ઝાપટા પડ્યા : તીવ્ર ગરમીના પ્રકોપ વચ્ચે એકાએક ફરીથી વાતાવરણમાં પલ્ટો આવ્યો : અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૮

અમદાવાદ

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ વરસાદ પડતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. અમરેલીના રાજુલા સહિતના પંથકમાં કરા અને વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. અમરેલીના દીપડીયા, ધારેશ્વર, વાવેરામાં વાવાઝોડા સાથે વરસાદી ઝાપટુ પડ્યું હતું. તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે એકાએક સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હવામાનમાં પલ્ટો આવ્યો હતો. અમરેલી ઉપરાંત રાજકોટના જુદા જુદા ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. જેથી ગરમીથી ત્રસ્ત બનેલા લોકોને આંશિક રાહત મળી હતી. વરસાદના કરા પણ પડતા સ્થાનિક લોકોમાં આશ્ચર્ય જોવા મળ્યું હતું. રાજકોટ અને અમરેલી સહિત સૌરાષ્ટ્રભરમાં છેલ્લા એક સપ્તાહથી તીવ્ર ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે ત્યારે ફરી એકવાર વાતાવરણમાં આજે પલ્ટો આવ્યો હતો. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. બીજી બાજુ આજે પણ તીવ્ર ગરમીનું મોજુ રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાંધનગરમાં ૪૩.૪ સુધી પારો પહોંચી ગયો હતો. અમરેલીમાં પાર ૪૩ સુધી રહ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૪૨.૮ ડિગ્રી રહ્યું હતું. ગરમીના પ્રકોપથી હાલ રાહત મળે તેવી શક્યતા નહિવત દેખાઈ રહી છે. દરમ્યાન હવામાન ખાતાની આગાહી મુજબ, હજુ પણ આગામી દિવસોમાં ગરમીનું મોજુ યથાવત્ રહેવાની સંભાવના છે. અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે. બાગ બગીચાઓને પણ ખુલ્લા રાખવામાં આવી રહ્યા છે. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. હિટ સ્ટ્રોકના કારણે લોકોને અસર થઈ હતી. અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન આવતીકાલે પણ ૪૩ ડીગ્રી સેલ્સીયસની આસપાસ રહે તેવી સંભાવના છે. લોકોને કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અપીલ પણ કરવામાં આવી છે. બીજી બાજુ દરેક ઝોનદીઠ પાણીની મોબાઈલ પરબ પણ શરૂ કરાઈ હતી. લોકો સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદ શહેરમાં બપોરમાં આજે પણ રસ્તા સુમસામ દેખાયા હતા. જનજીવન પણ ખોરવાયું હતું. અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે.

## વિચાર વૈભવ...

### બળવું નથી? બીજાને બાળવાથી દૂર રહો

તમે બળ્યા વિના અગરબત્તીને બાળી શકો, તમે સળગ્યા વિના ફટાકડાને સળગાવી શકો. તમે દાઝ્યા વિના બીજાને દઝાડી શકો. પણ સબૂર!દીવાસળી જેમ પોતે બળ્યા વિના બીજાને બાળી ન જ શકે. તેમ મનથી જાતે બળ્યા વિના બીજાને તમે ન જ બાળી શકો. આનો તાત્પર્યાર્થ? આ જ કે દીવાસળી પોતે જો સલામત રહી જવા માગે છે તો બીજાને બાળવાના અભરખા સેવવાથી એણે મુક્ત રહેવું જ પડે તેમ આપણે પોતે જો આપણાં મનને બાળવા નથી માગતા તો બીજાને બાળતા રહેવાની વૃત્તિ- પ્રવૃત્તિથી જાતને મુક્ત રાખવી જ પડે. એક વાત યાદ કરાવું? મનની આ માગ છે ને કે 'મારે સુખ જોઈએ' મનની આ માગમાં આટલો સુધારો કરી દો. 'મારે સુખ આપવું જોઈએ' મનની આ વૃત્તિ રહે છે ને કે 'મારે દુઃખ ન જોઈએ' મનની આ વૃત્તિમાં આટલો ફેરફાર કરી દો. 'મારે દુઃખ આપવું ન જોઈએ મન એમ કહે છે ને કે 'મારે બળવું નથી' મનને એમ કહેતું કરી દો. 'મારે કોઈને બાળવા નથી.' મન આગ્રહ રાખે છે ને કે 'મારે ઠરવું છે' મનને આ આગ્રહ રાખતું કરી દો. 'મારે સહુને ઠારવા છે.' યાદ રાખજો, પેટ તો ત્યારે જ બગડે છે કે જ્યારે ભોજનનું અજીર્ણ થાય છે, પણ મન તો ત્યારે જ બગડે છે કે જ્યારે વિચારોનું અજીર્ણ થાય છે. સુખ જોઈએ છે, આપવું નથી. દુઃખ જોઈતું નથી, આપવાનું બંધ કરવું નથી. બળવું નથી, બાળવાનું બંધ કરવું નથી. ઠરવું છે, ઠારવાની કોઈ તૈયારી નથી. આ વૃત્તિ એ વિચારોનું અજીર્ણ છે. અને આ આપણો અનુભવ છે કે ભોજનના અજીર્ણમાં ઉત્તમ પણ ભોજનની રૂચિ જેમ મરી જતી હોય છે તેમ વિચારોના અજીર્ણમાં ઉત્તમ અને ઉદાત્ત વિચારોની રૂચિ પણ ખતમ થઈ જતી હોય છે.

શું કહું?

હૃદયની લાગણીને પ્રગટ કરવા આંસુનો ઉપયોગ જરૂર કરીએ, પણ મનમાં પેદા થતા ક્રોધને પ્રગટ કરવા શબ્દોનો ઉપયોગ તો હરગિજ ન કરીએ. બળવાનું- બાળવાનું બંને બંધ થઈ જશે.

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણય કરાયા

# ૧૦ એટોમિક રીએક્ટરોના નિર્માણ માટેની દરખાસ્ત મંજુર

### સગર્ભા લાભ સાથે સંબંધિત કાર્યક્રમને પણ કેબિનેટની મંજુરી મળી : સગર્ભા મહિલાને ત્રણ તબક્કામાં ૬૦૦૦ ચૂકવાશે : કોલ લીન્કેજ પોલિસીને મંજુરી

નવી દિલ્હી

કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં આજે શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે દેશમાં ન્યુક્લિયર પાવર જનરેશનને વધારવાના હેતુસર કેન્દ્રિય કેબિનેટે ૧૦ સ્વદેશી પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રીએક્ટરોના નિર્માણ માટેની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી હતી. દરેક રીએક્ટરની ક્ષમતા ૭૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરવાની રહેશે. કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલે આ અંગેની માહિતી આપતા આજે કહ્યું હતું કે કુલ ૭૦૦૦ મેગાવોટની ક્ષમતા ઉમેરવામાં આવશે. આનાથી ક્લીન એનર્જીનું ઉત્પાદન કરવામાં મદદરૂપ થશે. બીજી બાજુ કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં થર્મલ પાવર સેકટરમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે કેન્દ્રિય કેબિનેટે આજે નવી કોલ લીન્કેજ પોલિસી (શક્તિ)ને મંજુરી આપી હતી. નવી પોલિસીનો હેતુ પાવર કંપનીઓને લાંબા ગાળે કોલસા લીન્કેજની હરાજીનો રહેલો છે. આ પોલિસીથી દેશમાં ૩૦,૦૦૦ મેગાવોટના પાવર પ્લાન્ટને પુનઃ સજીવન કરવામાં મદદ મળશે. ફયુઅલ સપ્લાયની રાહ હાલમાં જોવામાં આવી રહી છે. પ્રાઈવેટ સેકટરમાં મોટા લાભ પણ દેખાઈ રહ્યા છે. જેમાં રિલાયન્સ પાવર, અદાણી પાવર, બજાજ હિન્દુસ્તાન, જિન્દાલ પાવરનો સમાવેશ થાય છે. નવી પોલિસી હેઠળ કોલ લીન્કેજ નિયુક્ત સરકારી પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓને આપી દેવામાં આવશે. આનાથી જોરદાર ફાયદો થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી આના ઉપર ચર્ચા ચાલી રહી હતી.

## રેટ અને પ્રોડક્ટની કેટેગરી અંગે ચિત્ર સ્પષ્ટ કરાશે

# જીએસટી કાઉન્સિલની બે દિવસની આજથી મિટીંગ

### જીએસટી કાઉન્સિલની બેઠકને લઈને મૂડીરોકાણકારો અને અન્ય સંબંધિત લોકો પણ સંપૂર્ણપણે તૈયાર

નવી દિલ્હી

મૂડીરોકાણકારો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે બે દિવસની જીએસટી કાઉન્સિલની બેઠક આવતીકાલથી શરૂ થઈ રહી છે. જેમાં રેટ અને પ્રોડક્ટની કેટેગરીની સંદર્ભમાં વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. જીએસટીને લઈને શરૂ થઈ રહેલી બેઠક પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ બેઠક એવા સમયે મળી રહી છે જ્યારે શ્રેણીબદ્ધ દુવિધાઓ રેટ અને પ્રોડક્ટની કેટેગરીને લઈને રહેલી છે. કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં આજે શ્રેણીબદ્ધ નિર્ણય લેવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર જીએસટીને અમલી બનાવવા માટે કમર કસી ચુકી છે. જીએસટીને પહેલી જુલાઈના દિવસથી અમલી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર આના માટે જુદા જુદા રાજ્યોની મંજુરી મેળવવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ઘણા રાજ્યો જીએસટી બિલને પસાર કરી ચુક્યા છે. અન્ય રાજ્યોમાં કવાયત ચાલી રહી છે. મોદી સરકારે જીએસટીને પસાર કરવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. વિપક્ષી કોંગ્રેસ સાથે વારંવાર બેઠકો પણ યોજી હતી. અન્ય સાથી પક્ષોને વિશ્વાસમાં લેવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા હતા. જીએસટી અમલી બની ગયા બાદ કઈ ચીજવસ્તુઓ સસ્તી થશે અને કઈ ચીજવસ્તુઓ મોંઘી થશે તેને લઈને હજુ સુધી સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થયું નથી પરંતુ કેન્દ્ર સરકાર મહેસુલી નુકસાનની ચૂકવણી કરવા માટે તૈયારી દર્શાવી ચુકી છે. આવનાર દિવસોમાં આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવી શકે છે.

## રાજ્યના અછત-અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘાસકાર્ડ અપાયા

અમદાવાદ

રાજ્યમાં અછત અને અસરગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા કરવા માટે આજે ગાંધીનગર ખાતે મહેસુલ મંત્રી ભુપેન્દ્ર ચુડાસમાની અધ્યક્ષતામાં અછત અંગેની રાજય સરકારની પેટા સમિતિની યોજાયેલી બેઠકમાં રાજયમાં પીવાના પાણી, ઘાસચારા વગેરે અંગેની પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આજે પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખીરીયા, સિંચાઈ રાજય મંત્રી નાનુભાઈ વાનાણી, શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોર, વન રાજયમંત્રી શબ્દશરણ તડવી તથા સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓની યોજાયેલી બેઠકમાં અછતગ્રસ્ત જાહેર કરાયેલ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ૭૯ ગામો, સાયલા તાલુકાના ૭૧ ગામો, રાજકોટ જિલ્લાના વીછીયા તાલુકાના ૨૩ ગામો, બોટાદ જિલ્લાના બોટાદ તાલુકાના ૨૬ ગામો, રાણપુર તાલુકાના ૨ ગામો મળીને કુલ ૨૦૧ ગામને રાહતદરે ઘાસચારો પુરો પાડવાનો નિર્ણયલ લેવાયેલો છે.

## કોર્ટના મનાઈ હુકમથી...

# ડીસાના વિરેન પાર્ક વ્હોળાથી પાટણ હાઈવેને જોડતા રોડનું કામ સ્થગીત

### રોષે ભરાયેલા રહીશોની આંદોલન છેડવાની ચિમકી




ડીસા

ડીસાના વિરેન પાર્ક વ્હોળાથી પાટણ હાઈવેને જોડતા રોડનું કામ ફરી એકવાર નામદાર હાઈકોર્ટના આદેશથી સ્થગિત કરી દેવાયું હતુ. પરંતુ ફૂટપાથ અને સ્ટ્રીટ લાઈટનું કામ બાકી રહી જતા રોષે ભરાયેલા રહીશોએ પાલિકાની પડખે રહી આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી હતી. તેથી રોડ ફરી એકવાર વિવાદોમાં સપડાયો છે.

વેપારી મથક ડીસાના અંબિકા ચોકથી વિરેન પાર્ક થઈ પાટણ હાઈવેને જોડતો રોડ શહેરીજનો માટે આશિર્વાદરૂપ નિવડ્યો છે પરંતુ ૩૦૦ મીટરનો આ રોડ વર્ષોથી કોર્ટ મેટરના કારણે વિવાદોમાં સપડાયો છે. આગળની જમીનના માલિકો યેનકેન પ્રકારે આ રોડનું કામ થવા દેતા નહતા. જોકે કોર્ટની આંશિક રાહતથી પાલિકાની ટીમે રવિવારે સવારે ટીમોને કામે લગાડી યુધ્ધના ધોરણે રોડનું કામ શરૂ કરાવી દીધુ હતુ.

અનુસંધાન પાના નં.૬

# દીઓદર પંથકમાં આપઘાતનો સિલસિલો:ત્રણ જણાએ જીંદગી ટૂંકાવી

### માનપુરામાં પ્રેમી પંખીડાયેતો મકડલામાં અજાણ્યા યુવાને જીવન ટુંકાવ્યું





તાલુકા પ્રતિનીધી દીઓદર

પ્રેમમાં નિરાશા સાંપડેલ કે સમાજિક બંધનોને કારણે પ્રેમી પંખીડાઓ લગ્નના કોલ પુરા ન કરી શકવાના કારણે કે પછી દેવું વધી જવાના કારણે કે પછી કોઈએ ઠપકો આપી દેતો સહન ન કરી શકવાના કારણે આજનું યુવાધન આપઘાત તરફ ઘસડાઈ રહ્યું છે. દીઓદર પંથકમાં આજનો દિન આપઘાતનો દિન રહેવા પામેલ. ત્રણ-ત્રણ વ્યક્તિઓએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું તેમાંય દીઓદર તાલુકાના માનપુરા ગામે જીવન ટુંકાવનાર પ્રેમી યુગલો બંન્ને પરણીત છે. બંન્નેને ઘેર છોકરાં છે. છતાં કહેવાય છે કે પ્રેમમાં પડી કે કોઈ અગમ્ય કારણોસર જીવન ટુંકાવ્યું હશે ?

માનપુરા (ધુ.) ગામની સીમમાં આજે વહેલી સવારે એકઝાડ ઉપર ગળુે દુપટ્ટો લગાવી યુગલ લટક્યું હોવાની જાણ થતાં ગ્રામજનો દોડી આવેલ.અને પોલીસને જાણ કરેલ. મરનાર યુગલની લાશ ઝાડ ઉપરથી નીચે ઉતારતાં જાણવા મળેલ કે મરનાર યુવતી બાજના રામપુરા(ધુ.) ગામની ભરતજી હેમજી ઠાકોરની પત્નિ કાન્તાબેન છે. જેને એક બાળક છે. જેનું પિયર અસાસણ તા.ભાભર છે. જ્યારે મરનાર યુવક દીઓદર તાલુકાના ગોલવી ગામના બાબુજી ઠાકોરનો પુત્ર દિપાજી છે. જેના પણ લગ્ન થઈ ગયેલ છે. તેપણ બે સંતાનનો પિતા છે. ગતરાત્રે મરનાર યુવક દિપાજી તેમના મામાના ગામ માનપુરા (ધુ.) ગયેલ જ્યાં તેમના ખેતરમાં મોડી રાત્રે વહેલી સવારે ટુંપો ખાધેલ હોવાનું મનાય છે.

આમ બંન્ને પરણીત હતા અને બંન્નેના ઘેર બાળકો હતા છતાં પ્રેમમાં આંધળા બની બંન્નેએ જીવન ટુંકાવતાં બે ઘરનાં છોકરાં રવડી જવા પામેલ.

અનુસંધાન પાના નં.૬

## છાપરા નજીક અકસ્માતમાં 3 ના મોત:૧ ઘાયલ



પાલનપુર

અમીરગઢ તાલુકાના છાપરા ગામ નજીક બે જીપ સામસામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ આદિવાસીઓના મોત નીપજ્યા હતા. જ્યારે ૧ આદિવાસી ઘાયલ થયો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યારે ૩ મૃતકના મૃતદેહોને પી.એમ.માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**મૃતકના નામ**

(૧) કેશરીબેન સાજાભાઈ તાઈવર ઉ.૬૫ રહે.હડમતીયા તા.અમીરગઢ
(૨) પુનાભાઈ સકમાભાઈ તાઈવર ઉ. ૨૭, રહે. લીડીપાદર
(૩)લીબાભાઈ લાલાભાઈ ડામોર ઉ. ૭૦, રહે. છાપરા

**ઘાયલનું નામ**

(૧) લાસુભાઈ ગેનાભાઈ ડુંગાઈચા ઉ. ૨૫, રહે.ડેરી તા.અમીરગઢ

# સોનાની નકલી માળા આપી કોઠીગામના ખેડુતને પાંચ લાખમાં નવડાવનાર ઝડપાયો

### પોણા બે મહિના પહેલાં અજાણ્યો શખસ ત્રણ કિલો નકલી સોનાના પારા અસલી સમજાવી ભટકાવી ગયો હતો



થરાદ

થરાદના કોઠીગામના એક ખેડુતને મળેલા ઠગે સસ્તા સોનાની લાલચ આપી નકલી સોનું પધરાવી પાંચ લાખની ઠગાઈ બાદ એજ પધ્ધતિ અપનાવી કાંકરેજ તાલુકાના ખેડુતનો રોલ કરવા જતાં પોલીસના છટકામાં આબાદ રીતે ઝડપાઈ ગયો હતો.આમ અજાણ્યા શખસને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી હતી.

થરાદના કોઠીગામના ખેડુત રાયસેંગભાઈ વિરમાભાઈ પટેલને ગત ૨૩ માર્ચે માર્કેટયાર્ડમાં મળેલા અજાણ્યા શખસે ગોપાલભાઈ નામથી ઓળખાણ આપી બીમાર માતા માટે ઘી ની જરૂર હોવાનું જણાવી પરિચય કેળવી રસ્તામાં મકાનના પાયા ખોદતાં મળેલું સોનું સસ્તામાં વેચવાની લાલચ આપી પોતાની પાસે આવા ત્રણ કિલો પારા છે જે પચ્ચીસલાખમાં આપવાની વાત કરી હાલ પાંચ લાખ આપવાનું અને બાકીના હપ્તેથી આપવાનું જણાવ્યું હતું. તેમજ ગત ૨૬ માર્ચના રોજ ધાનેરના ત્રણ રસ્તા પર રાયસેંગભાઈએ પાંચ લાખ આપતાં ગોપાલભાઈ એ સોનાના પારા વાળી માળા આપી હતી.તેમાંથી પણ ત્રણ પારા તોડી ખરાઈ કરાવતાં તે સાચા જણાતાં બાકીના ખોટા આપી ઠગાઈ કરી હતી.જેની દોઢ મહીના પહેલાં ફરીયાદ નોંધાતાં થરાદના પીએસઆઈ આર જી ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી હતી.

જેમાં ખેડુતને આવેલા કોલની ડીટેઈન કઢાવતાં કાંકરેજ તાલુકાના ઈસરવા ગામના એક પટેલ ખેડુતનો નંબર આવતાં પોલીસે તેને પુછતાં તેણે પણ ઉપરોક્ત શખસે સોનાની માળા સસ્તામાં આપી હોવાની લાલચ આપી હોવાનું જણાવ્યું હતું.આથી પોલીસે હવે પછી કોલ આવેતો સંપર્ક કરવા જણાવ્યું હતું.ત્યાર બાદ ઠગે નવા નંબરથી ફોન કરતાં થરાદ પોલીસના પ્લાન પ્રમાણે ચાર લાખ લઈને ડીસા આવવાનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

જેમાં મંગળવારની સાંજના સુમારે ગાયત્રી મંદીર પર આવેલા શખસ સાથે ઈસરવાના ખેડુતે પ્લાન પ્રમાણે હાથ મિલાવતાં જ ચારે બાજુથી પોલીસે ઠગને દબોચી લીધો હતો.જેની પુછપરછ કરાતાં તેનું નામ છગનારામ પુરાજી દેવીપુજક ૩૫ વર્ષ રહે.સેક્ટર ૨૪ ગોદીપુરા છાપરા સાંઈબાબા મંદીરની બાજુમાં ગાંધીનગરનો હોવાનું જણાવ્યું હતું.પોલીસે તેની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## સાર સમાચાર...

### પોલીસ સેવામાં ૧૮ હજાર યુવાનોને રોજગારી અપાશે

અમદાવાદ

ગુજરાતનો પોલીસ વિભાગ પારદર્શિતાથી વિવિધ ભરતી માટેની પ્રક્રિયા પૂર્ણ કરી એક સાથે ૧૮ હજારથી વધુ ઉમેદવારોને નિમણુક પત્રો આપીને ઈતિહાસ રચશે એમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે. મંત્રી જાડેજાએ પોલીસ વિભાગ દ્વારા હાથ ધરાવયેલી આ મેરેથોન ભરતી પ્રક્રિયા સંદર્ભે જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીના કર્મઠ નેતૃત્વમાં આ રાજય સરકારે પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના પાયા ઉપર વિકાસની નૂતન ઈમારત સર્જી છે. રોજગાર આપવા ક્ષેત્રે ગુ-જરાત સતત એક દાયકાથી દેશભરમાં પ્રથમ સ્થાને રહ્યું છે.

ડૉ.શિવમ ખેરાજ ઢીરી
ઓર્થોપેડીક સર્જન
શિવમ ઓર્થોપેડીક હોસ્પિટલ
હાઈવે, ડીસા
દર ગુરૂવારે સવારે ૧૦ થી ૨ તપાસ મફત
દર શુક્રવારે ધાનેરા સરસ્વતી હોસ્પિટલ
સવારે ૧૧ થી ૪ કલાકે
Mo.9867089704

## સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૪

## તિથિદર્શન

વૈશાખ વદ-૭ ગુરૂવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ વદ :સાતમ ગુરૂવાર પંચક બેસે રાત્રે ૧૦.૧૨ નક્ષત્ર:શ્રવણ સવારે ૯.૨૬ પછી ઘનીષ્ઠા યોગ: બ્રહ્મ કરણ: બાલવ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) રાત્રે ૧૦.૧૨ પછી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**કો ન યાતિ વશં લોકે, મુખે પિંડેન પૂરિતઃ**
**મૃદંગોઅપિ મુખલેપેન કરોતિ મધુરાધ્વનિમ્**

ભાવાર્થ : જો મોઢામાં લાંચની કટકીનો ટુકડો નાખવામાં આવે તો કોણ વશ થતું નથી? અર્થાત્ લાલચ આપવાથી સૌ કોઈ વશ થઈ જ જાય છે, દાખલા તરીકે, જાડી ચામડીનું નિર્જીવ મૃદંગ તબલું પણ તેના મુખ પર લેપન કરવામાં આવે તો એ પણ મધુર અવાજ ઉત્પન્ન કરવા લાગે છે.'

આપણા સંસ્કાર બચપણથી અને ગળથૂથીથી જ શરૂ થાય છે. ખાયકીના સંસ્કાર. બાળક જન્મે કે તરત કાગારોળ કરવા લાગે, મા માંડ ઊભી થઈ તેના હોઠ પર મધ મૂકે- બાળક શાંત થઈ જાય.

નિશાળ જવામાં, હોમવર્ક કરવા કે પરીક્ષાની તૈયારી માટે કેડબરીથી સાઈકલ સુધીનાં પ્રલોભનનો ગોળ આપણે કોણીએ ચોંટાડી 'કંઈક મળે તો જ કામ થાય, કામ કરાય' ની ટેવ દ્રઢ કરતાં રહીએ છીએ.

જો કોઈ 'નાણાં' દેખીતા સ્વરૂપે ન લેતા હોય તો તેને હેલિકોપ્ટર, પ્લેનની ટિકિટ, ભેટો- પેકેટો ભીડ ભેગી કરી આપવાનો ખર્ચ, ચૂંટણી ફંડ નિર્ણયમાં કમિશન, મલાઈનું મધ ચડાવવામાં આવે છે. આજના યુગમાં દરેક કામના ચાર્ટ, ભાવપત્રક નિશ્ચિત થઈ ગયા છે. વાળંદની દુકાને ભાવની યાદી મૂકેલી હોય છે, એવો જ ભાવ મૂંડન કરાવવા માટે સરકારી ખાતાં આસપાસ ફરતાં ક્રિયાકાંડ કરતા એજન્ટો પાસેય હોય જ છે. પ્રાચીન સમયનો આ શ્લોક જો આમ કહેતો હોય તો આજકાલના અન્ના આમાં શું કરી શકે ?!

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) સામાજીક માન, પ્રતિષ્ઠા મળે. કર્મચારીઓને લાભ અપાવી શકશો.**
**વૃષભ : (બ.વ.ઉ.) હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) ભાગીદારીથી સમજીને વ્યવહાર કરવો. માન, પ્રતિષ્ઠા અને યશ મળે.**
**કર્ક : (ડ.હ.) મન પ્રસન્ન રહે. સંતાનો માટે ખરીદી થાય.**
**સિંહ : (મ.ટ.) મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. આકસ્મિક ચિંતા ઉદભવે.**
**કન્યા : (પ.ઠ.ણ.)સંદેશો મેળવવા-આપવામાં અનુકુળતા રહે. કાર્યસફળતા મળે.**
**વૃશ્ચિક :(ન.ય.) વડીલોનો સહકાર મળે. નાણાંકીય બોજ હળવો બને.**
**તુલા : (ર.ત.) જૂના આયોજનોને અમલમાં મૂકી શકાય.**
**ધન : (ભ.ફ.ધ.) ખર્ચનો પ્રસંગ બને. ઉતાવળ ન કરવી હિતાવહ.**
**મકર : (ખ.જ.) મિત્રોથી આર્થિક લાભ મળે. નવા સંબંધો લાભદાયી નીવડે.**
**કુંભ : (ગ.શ.સ.) ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. મિલ્કતના પ્રસંગો અંગે નિર્ણય લઇ શકાય.**
**મીન : (દ.ચ.જ.થ.) અધ્યાત્મિક ક્ષેત્રે ખર્ચ થાય. વ્યર્થ દોડા-દોડી થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

તત્વજ્ઞાન જેવા ગહન વિષયમાં સામાંન્ય જનને રસ લેતા કરનાર મહાન ચિંતક બર્ટ્રાન્ડ રસેલની જન્મજયંતી છે.

એમનો જન્મ ઈંગ્લેન્ડમા મોન્મથ પરગણામાં ડેલેક મુકામે તા. ૧૮/૫/૧૮૭૨ના રોજ થયો હતો.

એમણે 'પ્રિન્સિપલ્સ ઓવ મેથેમેટિક્સ' નામનો ખ્યાતનામ ગ્રંથ લખ્યો અને ત્યારથી એક અસાધારણ વિચારક તરીકે એમની ખ્યાતિ ઈંગલૅન્ડ તેમજ અમેરિકામાં પ્રસરી. અણુનિઃશસ્ત્રીકરણની સમિતિ સ્થાપવામાં એમણે મૂલ્યવાન ફાળો આપ્યો.

આ મહાન વિચારકનું તા. ૩/૨/૧૯૭૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૯૫૯૫ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૭.૦૫.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૫૩૫) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૫૦૩ પોઈન્ટના પ્રથમ અને ૯૪૯૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૯૫૬૧ પોઈન્ટથી ૯૫૭૭ પોઈન્ટ, ૯૫૯૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૫૯૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) લાર્સન (૧૭૫૭) :- કન્સ્ટ્રકશન ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૪૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૧૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૭૩ થી રૂ.૧૭૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) ગ્લેનમાર્ક ફાર્મા (૬૯૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૭૧૩ થી રૂ.૭૨૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) રિલાયન્સ કેપિટલ (૬૭૭) :- રૂ.૬૬૪ પ્રથમ તેમજ રૂ.૬૫૬ ના બીજા સપોર્ટથી ફાઇનાન્સ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૮૯ થી રૂ.૬૯૬ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ટેક મહેન્દ્રા (૪૩૧) :- ટેકનોલોજી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૪૪૬ થી રૂ.૪૫૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૪૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ICICI બેન્ક (૩૦૯) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૯૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૧૭ થી રૂ.૩૨૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૫૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૭૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૧૭ થી રૂ.૧૫૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૫૮૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) HDFC લિમિટેડ (૧૫૫૬) :- રૂ.૧૫૭૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૫૨૭ થી રૂ.૧૫૧૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૫૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) યશ બેન્ક (૧૪૬૦) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૪૭૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૪૪૧ થી રૂ.૧૪૨૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૩૫૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રીફાઇનરી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૩૬૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૨૭ થી રૂ. ૧૩૧૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીગલક્ષી રૂ.૧૩૭૧ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૧૯૫) :- રૂ.૧૨૦૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૭૭ થી રૂ.૧૧૬૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# થરાદના એએસપીએ ગૃહસ્થી જીવનમાં પગલાં માંડયાં



થરાદ

બનાસકાંઠાના સરહદી થરાદતાલુકાના પોલીસ મથકમાં પ્રોબેશન પિરીયડમાં મહીના પહેલાંજ મદદનીશ પોલીસવડા તરીકે પ્રશાંત સુંબે (ઁજી )ની નિમણુક કરવામાં આવી હતી.એએસપી પ્રશાંત સુંબેએ ગત ૧૪ મી મેના રોજ લગ્નગ્રંથીથી જોડાઇને પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.મહારાષ્ટ્રના અહમદનગરમાં રવિવારે પત્ની સીમાસુંબે સાથે ગૃહસ્થી જીવનમાં પ્રવેશ કરતાં જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર સહિત બહોળી સંખ્યામાં સગાંસ્નેહી તથા મિત્ર વર્ગે લગ્નજીવનની શુભેચ્છાઓ પણ આપી હતી.પ્રશાંત સુંબે થરાદ પોલીસમથકમાં સ્વતંત્ર હવાલો સંભાળતાં થરાદ પોલીસ કર્મીઓ પણ તેમના લગ્ન પ્રસંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજય સરકારની પ્રજા વિરોધી નિતિ : ગોવાભાઈ દેસાઈ

ડીસા

ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ સરકાર "ડીજીટલ"ના બહાને ગરીબોના હક છીનવતી હોવાના આક્ષેપો કરી જણાવ્યું હતુ કે હાલમાં રાજય સરકારે રેશનીંગ પુરવઠો મેળવવા પરિવારના દરેક સભ્યોના આધારકાર્ડ બેંકમાં લીંક કરવાનો તાયફો કર્યો છે. બીજી બાજુ, રેશનીંગ માંથી ખાંડ ગાયબ કરી દીધી છે. તેથી ગરીબ પરિવારો પણ રેશનીંગ પુરવઠાથી વંચિત રહે છે. ૨૦૧૧ માં બી.પી.એલ. લાભાર્થીઓની યાદી તૈયાર કરવા આપી હતી પરંતુ આજ સુધી નવી



યાદી જાહેર કરી નથી ઉલટાનું ગરીબાઈ છુપાવવા બી.પી.એલ. માંથી અનેક નામો રદ કરી દેવાયા છે. સરકાર સૌનો સાથ સૌનો વિકાસ સુત્ર પોકારે છે પરંતુ નિરાધાર વૃધ્ધોને છેલ્લા છ મહીનાથી સહાય અપાતી નથી તેથી ગરીબ વિરોધી સરકારના રાજમાં તમામ વર્ગના લોકોની હાલત કફોડી બની ગઈ છે તેમાં પણ ગરીબ પછાત અને વંચિત વર્ગનો તો મરો થઈ ગયો છે જેના કારણે રાજય સરકાર સંવેદના પણ ગુમાવી દેતા તેની પ્રજા વિરોધી નિતિ ખુલ્લી પડી ગઈ છે.

# ડીસા જૈન બોર્ડીંગ સ્થિત જીનાલયની ૫૦મી વર્ષગાંઠ ઉજવાઈ





### જૈન વિદ્યાર્થી ગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

ડીસા

ડીસાના જૈન બોર્ડીંગ સ્થિત શ્રી મહાવીર સ્વામી જીનાલયની પ્રતિષ્ઠાના ૫૦માં વર્ષગાંઠની ગઈકાલે વૈશાખ વદ ૬ ને તા.૧૭/૫/૨૦૧૭ ના રોજ ખુબજ ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ડીસા ખાતે ૫૦ થી પણ વધુ વર્ષોથી બનાસકાંઠા તેમજ ડીસા આસપાસના જૈન સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે ભોજન અને રહેઠાણની સુવિધા મળી રહે તે માટે જૈન બોર્ડીંગની સ્થાપના કરવામાં આવી હતી. બાદમાં વિશાળ જગ્યામાં નવી આધુનિક સુવિધા સભર જૈન બોર્ડીંગ શરૂ કરવામાં આવી હતી. જયાં શ્રી મહાવીર સ્વામી ભગવાનનું જીનાલય પણ બાંધવામાં આવ્યુ હતું. જેની પ્રતિષ્ઠાના ૫૦ વર્ષ પૂર્ણ થતા પ.પૂ.ગચ્છાધિપતિ રામસુરીશ્વરજી મ.સા.ના શિષ્ય શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી જગચ્ચંદ્રસુરી મ.સા.તેમજ અન્ય સાધુ સાધ્વીજી ભગવંતોની પાવનનિશ્રામાં વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તા.૧૬/૫/૨૦૧૭ ના રોજ સક્રસત્વ અભિષેક તેમજ તા.૧૭/૫/૨૦૧૭ ના રોજ સવારે ૮ કલાકે પૂજન ભણાવવામાં આવ્યુ હતું. ત્યારબાદ પૂજ્યશ્રીની નિશ્રામાં મંગલ મુહૂર્તે ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતું. બાદમાં પૂજ્યશ્રીએ માંગલીક પ્રવચન ફરમાવ્યું હતું.

આ પ્રસંગે બોર્ડીંગમાં અભ્યાસ કરી ચૂકેલા ગામેગામથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સુરતથી ખાસ ઉપસ્થિત રહેલા અને આ બોર્ડીંગમાં ગૃહપતિ તરીકે સેવા આપનાર સેવંતીભાઈ વારૈયાનું શ્રી જૈન કેળવણી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા બહુમાન કરવામાં આવ્યુ હતુ.આ ઉપરાંત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પણ ટ્રસ્ટ દ્વારા બહુમાન કરાયુ હતુ. આ ઉજવણી નિમિતે બપોરે સમગ્ર ડીસા જૈન સંઘના સ્વામીવાત્સલ્યનું પણ આયોજન કરાયું હતું. ત્યારબાદ બપોરે ૪ કલાકે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયુ હતું. જેમાં ટ્રસ્ટ વતી તમામ ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મેનેજીંગ ટ્રસ્ટી ડો.ચંપકભાઈ ઝાલમોરા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ટ્રસ્ટી બાબુભાઈ શાહે ટ્રસ્ટની પ્રવૃતિઓ વિશે સૌને વાકેફ કર્યા હતા. જયારે મંત્રી મહેન્દ્રભાઈ રોળીયાએ ટ્રસ્ટની ભાવિ યોજનાઓની જાણકારી આપી હતી. આ પ્રસંગે બોર્ડીંગના ગૃહપતિ સેવંતીભાઈ વારૈયાએ તેમના કાર્યકાળ દરમિયાનના સંસ્મરણોને વાગોળ્યા હતા. જયારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ બોર્ડીંગમાં અભ્યાસ દરમિયાન થયેલ અનુભવોને વર્ણવ્યા હતા. આ પ્રસંગે બોર્ડીંગની શરૂઆત કરનાર દિર્ઘદ્રષ્ટા ટ્રસ્ટીઓ બાગમલભાઈ બક્ષી અને જેસીંગભાઈ દોશીની સેવાઓને તેમજ અન્ય ટ્રસ્ટીઓને બોર્ડીંગના કાર્યો માટે આપેલ યોગદાન બદલ તેમને યાદ કરવામાં આવ્યા હતા. ખુબજ ઉસ્માભેર માહોલમાં આ સંમેલન સંપન્ન થયુ હતુ. સંમેલનમાં છગનભાઈ સોનેથા, મહેન્દ્રભાઈ મોરખીયા, કાળીદાસભાઈ ભણસાલી, અરવિંદભાઈ ગઢેચા, સુનીલભાઈ ફેડલીયા, બાબુભાઈ શાહ, અશોકભાઈ વારીયા તેમજ મુંબઈથી શશીકાંતભાઈ રાતડીયા, પુનાથી રમેશભાઈ શાહ, અમદાવાદથી સુમતીભાઈ શાહ, રાજેન્દ્રભાઈ ગાંધી, રમેશભાઈ ગુલેચા, ફોજાભાઈ (થરાવાળા) અને વિનોદભાઈ (ધાનેરાવાળા) સહિત બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એક સંગઠનની પણ રચના કરાઈ હતી. જેમાં સંગઠનના પ્રમુખ તરીકે સુનીલભાઈ વેદલીયા તથા મંત્રી તરીકે અરવિંદભાઈ ગઢેચાની નિમણૂંક કરાઈ હતી. આ ઉપરાંત મુંબઈ, સુરત, અમદાવાદ તેમજ અન્ય શહેરોમાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તેમને વિશેષ જવાબદારી સોંપી ફરી એક વખત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું વિશાળ સંમેલન યોજાય તે માટે ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રસંગે જૈન બોર્ડીંગના આસપાસ રહેતા ભાઈઓ દ્વારા આર્થિક અનુદાન આપવામાં આવ્યુ હતુ. સૌના સહીયારા પુરૂષાર્થથી સમગ્ર પ્રસંગ ખુબજ સુંદર રીતે પરીપૂર્ણ થયો હતો.

# બનાસ એન.પી.પ્લસ દ્વારા મધર્સ-ડે ની ઉજવણી




પાલનપુર

પાલનપુર ખાતે એચ.આઈ. વી. પોઝેટિવ લોકો માટે કામ કરતી બનાસ એન.પી.પ્લસ સંસ્થા દ્વારા "મધર્સ-ડે" ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એચ.આઈ.વી.ગ્રસ્ત ૩૦ જેટલી બહેનોને ન્યુટ્રિશિયન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ૩૦ જેટલા બાળકોને એજયુકેશન કીટનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે અગ્રવાલ સમાજની બહેનો અને પતંજલી યોગ પીઠ હરિદ્વારના અગ્રણીઓએ ઉપસ્થિત રહી સહયોગ પૂરો પાડવાની સાથે બનાસ એન.પી.પ્લસ સંસ્થાની સેવાકીય પ્રવુતિઓને બિરદાવી હતી.

# ભીલડી રોટરી સેવાદળ દ્વારા છત્રાલા મુકામે રકતદાન કેમ્પ યોજાયો



પ્રતિનિધિ ભીલડી

ભીલડી રોટરી સેવા દળ દ્વારા છત્રાલા મુકામે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ઠાકોર સમાજના સમૂહ લગ્ન નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઠાકોર સમાજના યુવાનોએ ૧૭ બોટલ રક્તનું દાન કર્યુ હતું.

મૃત્યુ બાદ ચક્ષુદાન અને જીવનમાં એકવાર લોહી અવશ્ય આપવું જોઈએ જેથી કરીને બીજાની જીંદગી બચાવી શકાય ભીલડી રોટરી સેવાદળ તથા ભણશાળી ટ્રસ્ટના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો આ કેમ્પને સફળ બનાવવા કલબના પ્રમુખ જામનદાસ મહેશ્વરી, મંત્રી અશોકભાઈ પટેલ તથા ડો. કે.કે.પટેલ, કે.ટી પંચાલ, કડવાજી સોલંકી તથા સરતનજી ભગત સહિત ગ્રામજનો હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# જામકામાં ગાય આધારિત કૃષિનો વીસ પાકોમાં ચમત્કાર

**શાકભાજી - ઘાસચારાનું બમણું ઉત્પાદન દીકરાના લગ્ન માટે ઓર્ગેનિક શાકભાજીનું વાવેતર**



ડીસા

ઈ.સ. ૧૯૯૯ માં ચેકડેમ યોજના અને ઈ.સ.૨૦૦૦ માં ગીર ગાય યોજના પછી મનસુખભાઈ સુવાગીયાની પ્રેરણાથી પરસોતમભાઈ સીદપરાના ખેતરમાં ઈ.સ.૨૦૦૪ માં દેશી ગાય આધારિત કૃષિનો પ્રારંભ કર્યો. છેલ્લા ૧૩ વર્ષમાં મગફળી, કપાસ, તલ, ઘઉં, ડુંગળી, તુવેર, શેરડી, જેવા પાકોમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક ઝેરના ઉપયોગ વગર માત્ર દેશી ગોવંશના છાણ- ગૌમૂત્ર અને ખાટી છાશના ઉપયોગથી કૃષિ પાકોમાં ૨૦ થી ૫૦ ટકા ઉતપાદન વૃધ્ધિ મેળવેલ છે. રજકો, ઝિંઝવો, જુવાર, મકાઈના ચારાનું ઉત્પાદન બમણું મળેલ છે. જે જમીનમાં બિલકુલ લસણ થતું નહોતું ત્યાં એકર દિઠ ૨૨૫ મણ ૪૫ ક્વિન્ટલનું શ્રેષ્ઠ ઉત્પાદન મળે છે.

અત્યારે પરસોતમભાઈ સીદપરાના ખેતરમાં દેશી ગાયના ગોબર- ગૌમુત્રથી બાજરી, જુવાર, ઝિંઝવો, જેવો લીલો ચારો તથા પાળા ઉપર પ્લાસ્ટિકના મલ્ચિંગથી ગુવાર, ભીંડો, તુરીયા ગલકા, કાકડી, ટેટી, કારેલા જેવા શાકભાજીનું વાવેતર કરેલ છે. સામાન્ય રીતે વાવેતરના ૫૦ દિવસ પછી શાકભાજીનું ઉત્પાદન મળતું થાય છે. ત્યારે દેશી ગાયના ગોબર- ગૌમૂત્ર અને મલ્ચિંગથી ૩૫ દિવસે ઉત્પાદન મળતું થઈ ગયું. માત્ર એક વિઘાના શાકભાજીમાંથી કોઈ જ ખર્ચ વગર દૈનિક બે હજાર રૂા. નું ઉત્પાદન મળે છે. બે માસમાં કુલ એક લાખ રૂા. નું ઉત્પાદન મળશે. આ ઓર્ગેનિક શાકભાજી પરસોતમભાઈના દિકરાના લગ્નમાં પણ વપરાશે. જંતુનાશક ઝેરનો ઉપયોગ ન કરવાથી મધમાખીઓ પુષ્કળ આવે છે. જે ફુલોમાં બેસીને ફલીનીકરણનું ઉમદા કાર્ય કરે છે.

**અનુસંધાન પાના નં.૬**

# સાતસણ ગામ પાસેથી ચોર રસ્તે પસાર થતી ઓવર લોડ ટ્રકો ઝડપાઇ

### પાંથાવાડા બોર્ડર પોલીસે ટ્રકો ગુંદરી આર.ટી.ઓ.ને સોંપતા કાર્યવાહી




પ્રતિનિધિ પાંથાવાડા

દાંતીવાડા તાલુકાના સાતસણ ગામના ચોર રસ્તા પરથી નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બુધવારે વહેલી સવારે પાંથાવાડા બોર્ડર પોલોસે અવર લોડ બે ટ્રાકોને ઝડપી પાડી ગુંદરી આર.ટી. ઓ.ને સોંપતા કાર્યવાહી હાથ ધરી હતી. બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા નિરજકુમાર બદગુજરની સૂચનાથી પાંથાવાડા બોર્ડર પી.એસ.આઈ. જયદીપસિંહ વનાર પોલતાના સ્ટાફ સાથે પાંથાવાડા પોલીસ મથક વિસ્તારના ચોર રસ્તાઓ પરથી કોઈ ઓવરલોડ ગાડીઓ નીકળે માટે પેટ્રોલિંગમાં હતા.ત્યારે બુધવારે વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે સાતસણ ગામના ચોર રસ્તા પરથી રાજસ્થાનના મંડાર તરફ જતી ઓવરલોડ ટ્રક નંબર જીજે-૧૨-બીવી-૩૧૦૬ અને જીજે-૧૨-એઝેડ-૬૫૮૫ ને ઝડપી પાડી ગુંદરી આર.ટી. ઓ.ને સોંપતા ફરજ પરના આર.ટી. ઓ.અધિકારીએ કાંટા પર વજન કરાવી આગળની દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

# દાંતીવાડા પ્રાથમિક શિક્ષક મંડળી દ્વારા મૃતક સભાસદના પરિવારને રૂા.૩ લાખનો ચેક અપાયો




પાલનપુર

દાંતીવાડા તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીના સભાસદ પરમાર રમેશભાઈનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. ત્યારે મંડળીના જાગૃત ચેરમેન જિગરભાઈ ત્રિવેદી (પાંથાવાડા) દ્વારા તાત્કાલિક મૃતકના પરિવારજનોને મંડળીની વીમા યોજના તળે ૩ લાખનો ચેક અર્પણ કરાયો હતો.

# થાવર ત્રણ રસ્તે જીપની અડફેટે કિશોરનું મોત




**મામાના ઘરે લગ્નમાં જઈ રહેલા ભાણેજનું મોત થતા અરેરાટી**

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના થાવર ગામે મામાને ત્યાં જતાં આઠ વર્ષના કિશોરને જીપે ટક્કર મારતા કરૂણ મોત નિપજ્યું હતું. જેથી સમગ્ર લગ્નનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો હતો. ધાનેરાના જીવાણા ગામના ચૌધરી સેધાભાઈ હાલમાં માલોત્રા ગામમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે તેમને રાજન તરીકે ૮ વર્ષનો પુત્ર છે. તેઓ બંને મામાના થાવર ગામમાં લગ્ન હોવાથી જીવાણાથી આવતા હતા તે સમય દરમિયાન થાવર ત્રણ રસ્તા પાસે રસ્તામાં ચાલતા રાજનને જીપની ટક્કર લાગતા ગંભીર ઈજા થતા તાત્કાલીક સારવાર અર્થે સીવીલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. પરંતુ તે સમય દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. ભાણેજના મોતના સમાચાર મોસાળમાં સાંભળી લગ્નનું વાતાવરણ માતમમાં પ્રસરી ગયું હતું. અને અરેરાટી ફેલાઈ હતી.

# પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા છાસ વિતરણ

પાલનપુર

કાળઝાળ ગરમી વચ્ચે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા એસ.ટી.બસ સ્ટેન્ડ પર શીતળ છાસ અને પીવાના ઠંડા પાણીનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં યુવા ભાજપના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

જોકે, પાલનપુરમાં દાતાઓના સહયોગથી મિનરલ વોટર ની પરબો ધમધમી રહી છે. વળી, યુવા ભાજપ દ્વારા પણ જિલ્લાભરમાં ઠંડી છાશ તથા પીવાના પાણીનું વિતરણ કરી સેવાની મહેક ફેલાવવામાં આવી રહી છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર પાલિકાના રાજમાં અરજદારોને પીવાના ઠંડુ પાણી પૂરું પાડવાને બદલે ૧ રૂપિયામાં પાણી પૂરું પાડતું મશીન મૂકી પાલિકાના શાસકોએ પીવાનું પાણી પૂરું પાડવાની જવાબદારીમાંથી પણ છટકવાનો કરેલો પ્રયાસ ખુદ ભાજપી કાર્યકરોમાં ચર્ચાસ્પદ બન્યો હતો.

# વડગામમાં ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો




તા.પ્રતિ. (વડગામ)

તાજેતરમાં વડગામના ડેકલીયા માનજીભાઈ સરદારભાઈ દ્વારા સંતમેળાવડાનું આયોજન કર્યું હતું. જેમાં સંતસીરોમણી વિરમદાસ મહારાજ (આંકલીયા)એ ભક્તિનું રસપાન કરાવ્યું હતું. ઉપરાંત વડગામ, મગરવાડા, પાંચડા, ફતેપુર, સેમોદ્રાના ભક્ત મંડળોએ સંતવાણીના ભજનો દ્વારા ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

### અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું.

# ચૂંટણી ખૂબ લડ્યા એનો અર્થ ચૂંટણી નહીં લડું એવો કેમ થાય ?

પૂર્વ ભાજપાઈ અન હાલ કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા ફરી કોઈ ખેલ પાડવાના મૂડમાં હોય એવા એંધાણ મળી રહ્યા છે. થોડા દિવસ પહેલાં બાપુ બોલ્યા હતા કે, 'અમે સમજવામાં આમે ય અઘરા.' બાપુએ આ શબ્દો ઈરાદાપૂર્વક ભાવિ સંકેત આપવા કર્યા હતા કે કેમ તે ચોક્કસ ન કહી શકાય. કેમ કે બાપુને સમજવા અઘરૂં કામ છે તે તેમની વાત સાચી છે. યોગાનુયોગ હોય કે પૂર્વયોજિત પણ બાપુએ પોતાનું અઘરાપણુ જાહેર કર્યાના થોડા દિવસમાં જ એક પત્રકારના પ્રશ્નના ઉત્તરમાં ધડાકો કર્યો છે કે, 'ચૂંટણી ખૂબ લડ્યા, હવે ગરીબોની સમસ્યા માટે લડવું છે.' બાપુ આવું બોલ્યા એટલે માધ્યમોએ એવું અર્થઘટન કર્યું કે 'બાપુએ હવે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે.' પરંતુ બાપુ સ્પષ્ટ શબ્દોમાં એવું ક્યાં બોલ્યા છે કે, 'ચુંટણી નહીં લડુ' ? 'ચૂંટણી ખૂબ લડ્યા' એવા શબ્દોનું એવું અર્થઘટન જેને કરવું હોય તે કરી શકે પણ સ્પષ્ટ રીતે એનો અર્થ એવો જ થતો નથી. બાપુએ અહીં પણ કદાચ પોતાનું અઘરાપણુ બતાવ્યુ છે. પાછળથી બાપુએ એવી ચોખવટ પણ કરી છે કે, પાર્ટી કહેશે તો ચુટણી લડીશ. તેમની આ ચોખવટ સ્પષ્ટ કરે છે કે બાપુની વાત ચૂંટણી નહીં લડવાની નહોતી. દરેક રાજનેતાઓના શબ્દોનો ખૂબ ધ્યાનથી અભ્યાસ કરવો પડે. નહીંતર ગમે ત્યારે કહી દે કે, 'મારા કથનને મારી મચડીને રજુ કરાયું છે' મોટાભાગે રાજનેતાઓ પોતે વાટેલા ભાંગરાથી ઉભી થયેલી સ્થિતિ સુધારવા આવી મોડસ ઓપરેંડી વાપરતા હોય છે. પણ આ તો બાપુ છે. અગાઉથી સમજીને જ રસ્તો નીકળે એવા શબ્દો વાપર્યા હોઈ શકે છે. બાપુએ વધુ ચોંકાવનારૂ એક બીજું કામ પણ કર્યું છે. તેમણે ટ્વિટર પરથી રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓને અનફોલો કરી દીધા છે જેના પગલે અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. સોશ્યલ મીડિયા પર મિત્રો બનાવવાની વ્યવસ્થા છે. તેમ અનુસરણકર્તા-ફોલોઅર્સ ઉભા કરવાની વ્યવસ્થા પણ છે. બાપુ શનિવાર સુધી રાહુલ ગાંધીને અનુસરણ કરતા હોવાનું તેમના ટ્વિટ એકાઉંટમાં દર્શાવાયું હતું. હવે તે હટાવી દેવાયું છે. અર્થાત હવે બાપુ રાહુલ ગાંધીને ફોલો એટલે કે અનુસરણ કરતા નથી.કોંગ્રેસના તમામ નેતા કાર્યકરોએ રાહુલ ગાંધીને ફોલો કરવાનું (ફરજિયાત) હોય છે. પણ બાપુએ કોંગ્રેસમાં ચાલુ હોવા છતાં એ ધુંસરી ફગાવી દીધી છે ? તેથી સૌને શંકા જાગી છે કે, 'બાપુ કોંગ્રેસ છોડી રહ્યા છે.' કેશુભાઈ પટેલની સરકાર વખતે શંકરસિંહ વાઘેલાએ ખજુરિયા પ્રકરણ આલેખ્યું ત્યારે શરૂમાં કોઈને કલ્પના પણ નહોતી કે, બાપુ ભાજપ છોડી દેશે. સૌ એમ માનતા હતા કે, તેઓ નેતાગીરીનું નાક દબાવીને મુખ્યમંત્રી બનવા માંગે છે. પણ બાપુએ પાછળથી ભાજપને છોડી દીધો હતો. સમજવામાં અઘરાપણું તેમણે ત્યારે પણ બતાવ્યું હતું. કદાચ ત્યારે વ્યક્તિગત મતભેદોએ ભાગ ભજવ્યો હશે. કોંગ્રેસમાં તેઓ જોડાઈ તો ગયા પણ આજે લગભગ બે દાયકા થવા આવ્યા પણ કોંગ્રેસીઓ હજુ તેમને સ્વીકારી શક્યા ન હોય તેવું લાગે છે. અત્યારે કોંગ્રેસને ટળી ગયાની સ્થિતિ ટાળીને તરવું હોય તો તેના માટે એક જ રસ્તો છે, પ્રદેશ કોંગ્રેસનું નેતૃત્વ બાપુને સોંપી દેવું. પણ કોંગ્રેસ હજુ તેમના પર ભરોસો કરી શકી નથી. બે દાયકાથી કોંગ્રેસને હજુ શંકા છે કે આ 'સંઘી જીવ' ગમે ત્યારે પોતાના અસલ રૂપમાં આવી જશે તો કોંગ્રેસ ક્યાંયની ય નહીં રહે. બાપુએ સમજવામાં અહીં પણ પોતાનું અઘરાપણુ સાબિત કર્યું છે. પણ વિશ્વાસના અભાવે બાપુ ક્યાં સુધી એમની સાથે રહી શકે ? બાપુના ૩૬ જેટલા સમર્થક ધારાસભ્યોએ કોંગ્રેસ હાઈકમાનને બાપુને મુખ્યમંત્રીપદના દાવેદાર જાહેર કરવા અનુરોધ કર્યો હતો જે હાઈકમાને ધરાર ફગાવી દીધો હતો. હાઈકમાનને ડર છે કે બાપુને આગળ કરાશે તો બીજા જુના નેતાઓ રીસે ભરાશે. આમ બાપુની ક્ષમતા તે સ્વીકારી શક્યા નથી. બાપુના સમર્થકો કહે છે કે, 'જો તેમને નેતૃત્વ સોંપાય તો તેઓ સૌને પોતાના કરી લેશે.' પણ હાઈમાનને તેમ લાગતું નથી. બાપુ અહીં પણ સમજવામાં અઘરા સાબિત થયા છે. હવે બાપુએ રાહુલ ગાંધીને ફોલો કરવાનું બંધ કર્યું છે એટલે તેઓ કોંગ્રેસ છોડી શકે છે એવી ધારણા શરૂ થઈ છે.

થોડા સમય પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ બાપુને વિધાનસભા ભવનમાંના કોગ્રેસ કાર્યાલયમાં સામે ચાલીને મળવા ગયા હતા ત્યારે એવી અટકળો ચાલી હતી કે બાપુ ભાજપમાં જઈ રહ્યા છે. પણ ત્યારે શાહ તેમને મળવા ગયા હતા, બાપુ શાહને મળવા નહોતા ગયા. જુના મિત્ર મળવા આવવાનું કહે તો તેઓ ના કેવી રીતે કહે ? શાહ આવ્યા. બન્ને મિત્રો વરસો પછી મળ્યા. 'તને સાંભરે રે, મને કેમ વિસરે રે' કર્યું. ચા પાણી પીધા અને છૂટા પડ્યા. પણ પાણીમાં ઉભા થયેલા તરંગો રહી ગયા. હવે બાપુએ રાહુલને ફોલો કરવાનું બંધ કર્યું છે ત્યારે એ તરંગો ફરી યાદ આવ્યા છે. માધ્યમો અટકળ કરી રહ્યા છે કે 'બાપુ ભાજપમાં જશે' કોઈક એવું પણ માનતા થયા છે કે, 'બાપુ નિવૃતિ જાહેર કરશે.' પણ અમને તેમ નથી લાગતું. બાપુ અધવચ્ચેથી મેદાન છોડીને ભાગે તેમ નથી. તેઓ કઈકને ભગાડવા માટે સમર્થ છે.

બાપુને ભાજપ અને સંઘ સાથે નાભી નાતો છે. જેમ એક માને તેના જચાને નાભી નાતો હોય છે, તેવો. બાળકના જન્મ પછી માતાના ઉદર અને બાળકની નાભી સાથે જોડાયેલી નાળ કાપી નાખવામાં આવે છે. છતાં જનેતા અને જચા વચ્ચેના સંબંધો તૂટતા નથી. તૂટેલા દેખાય તો પણ ક્યારેક ઉજાગર થઈ જાય છે. એને નાભી નાતો કહે છે. આ કારણે જ કોંગ્રેસને બાપુ વિશે ભરોસો નથી. ભરોસો અપાવવા શંકરસિંહ વાઘેલાએ તમામ પ્રયાસો પ્રમાણિકપણે કર્યા છે પણ કોંગ્રેસ હાકમાન તેમને સમજી શક્યું નથી. હા, અમે માનીએ છીએ તેમ બાપુને ભાજપ છોડવાનો વસવસો છે. છતાં ત્યાં પાછા ફરવા એ બાજુ તેમણે નજર પણ નથી કરી. એકવાર તેમની સાથેની મુલાકાત દરમિયાન તેમણે 'ભાજપમાં કોઈ અંકૂશ નથી' એવા શબ્દો કહેતાં અમે પૂછ્યું હતું કે 'તમને નથી લાગતું કે તમે ભાજપને ન છોડ્યો હોત તો તમે અંકૂશ રાખી શક્યા હોત ?' એ પ્રશ્નના ઉત્તરમાં બાપુએ કહ્યું હતું કે 'અંકૂશ ન રહ્યો એટલે તો નાતરૂં કરવું પડ્યું ! ત્યારે બાપુનો એ વસવસો બોલતો હતો. સંજોગોએ તેમને કોંગ્રેસ તરફ ધકેલી દીધા હતા, આજે કોંગ્રેસ ભરોસો નહીં કરીને તેમને ધકેલી રહી છે. ભાજપ છોડ્યા પછીનો ઘણો સમય એવો હતો કે ભાજપ પોતે તેમને સ્વીકારી શકે તેમ નહોતો. અને નેતૃત્વના પ્રશ્ને બાપુ પોતે પણ પરત ફરી શકે તેમ નહોતા. કેમ કે ત્યારે નરેન્દ્ર મોદી ગુજરાતનું નેતૃત્વ કરતા હતા. હવે મોદી રાષ્ટ્રીય કક્ષાએ પહોંચી ગયા છે. તેમની હરણફાળ નહીં સ્વીકારનારા હવે સ્વીકારતા થઈ ગયા છે. હવે મોદી રાષ્ટ્રીય નેતૃત્વ મૂકીને ગુજરાતનું નેતૃત્વ સંભાળવા આવવાના નથી.

## ચિકિત્સા વ્યાવસાયિકોમાં ઉચ્ચ બ્લડપ્રેશરના વધતા કેસ



અમદાવાદ

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)એ હાર્ટ કેર ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયા (એચસીએફઆઈ) તથા એરિસ લાઈફસાયન્સેઝના સહયોગથી એક શૈક્ષણિક ગ્રાન્ટ રૂપે, મોટા સ્તરે એક જ દિવસમાં ચિકિત્સા સમુદાયની મોટાભાગની એમ્બુલેટરી બ્લડ પ્રેશર રીડિંગ્સ લેવાનું મહત્વપૂર્ણ કરાય્ કર્યુ છે. આ અભિયાન અંતર્ગત આઈએમએના નેતૃત્વવાળા ૩૩ ભારતીય શહેરમાં ૫૩૩ ચિકિત્સકોના લગભગ ૨૦,૦૦૦ રીડિંગ્સ એકત્રિત કરવામાં આવ્યા. આ અભિયાન વર્લ્ડ હાઈપરટેન્શન ડે ૨૦૧૭ના અવસર પર, ઉચ્ચ બ્લડ પ્રેશરની સમય પર અને યોગ્ય તપાસમાં એમ્બુલેટરી બ્લડ પ્રેશન મૉનીટરિંગ (એબીપીએમ) વિશે જાગૃતતા પેદા કરવાના ઉદ્દેશ્ય સાથે ચલાવવામાં આવ્યું. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન તથા હાર્ટ કેર ફાઉન્ડેશનના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. કે કે અગ્રવાલ તથા આઈએમએના માનદ મહાસચિવ ડૉ. આર એન ટંડને જણાવ્યું કે, ચિકિત્સકોનું એમ્બુલેટરી બ્લડ પ્રેશર માપવા માટે એચસીએફઆઈ તથા એરિસ લાઈફસાયન્સેઝના સહયગોથી કરવામાં આવેલા આઈએમએ રાષ્ટ્રીય અધ્યયનમાં ૨૧ ટકા ચિકિત્સકોમાં માસ્ક્ડ હાઈપરટેન્શન કે અલગ રીતના એમ્બુલેટરી હાઈપરટેન્શલ ઉપસ્થિત છે. સરળ શબ્દોમાં પારંપરિક ટેકનિકથી માપવા પર તેમનું બીપી સામાન્ય રહ્યું, જ્યારે એબીપીએમ ટેકનિકથી માપવા પર બીપી ઉચ્ચ સ્તર પર મળ્યું. લગભગ ૩૭ ટકા ડૉક્ટરોમાં રાત્રિકાલીન ઉચ્ચ બ્લડપ્રેશર જોવા મળ્યું જેનાથી સામાન્ય બીપી ટેકનિકથી પકડી શકવું સંભવ નથી. ૫૦ ટકાથી વધુ ડૉક્ટરોમાં અનિયમિત ઉચ્ચ બ્લડપ્રેશરની ફરિયાદ મળી, જ્યારે આને રોકવા માટે તે દવાઓ પણ લઈ રહ્યા હતા. હાઈપરટેન્શન સોસાયટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ ડૉ. શશાંક જોશીનું માનવું છે કે તમારા ડૉક્ટર નિમ્ન કારણોથી તમને એબીપીએમની સલાહ આપી શકે છે : આ જાણ મેળવવા માટે કે શું ઘરની તુલનામાં ક્લીનિકમાં તમારું બીપી વધુ રહે છે, બ્લડ પ્રેશર નિયંત્રિત રાખતી દવાઓની પૂરા દિવસમાં થતી અસર જાણવા માટે, અથવા આ જાણવા માટે કે શું રાત્રે તમારું બ્લડપ્રેશર વધી જાય છે. જો કે માસ્ક્ડ હાઈપરટેન્શનના સ્પષ્ટ લક્ષણ દેખાઈ નથી દેતા આ માટે ડૉક્ટરને આ જાણી લેવા દેવું જોઈએ કે તમારા પરિવારમાં પહેલેથી કોઈને એવી ફરિયાદ તો નથી રહી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ટીસીએલએલ અને એક્સએલઆરઆઈ - ઝેવિયર સ્કુલ ઓફ મેનેજમેન્ટ દ્વારા વર્કિંગ પ્રોફેશનલ્સ માટે પ્રોગ્રામ્સ



ટાઈમ્સ સેન્ટર ફોર લર્નિંગ લિ. (ટીસીએલએલ) અને એક્સએલઆરઆઈ-ઝેવિયર સ્કુલ ઓફ મેનેજમેન્ટ, જમશેદપુર દ્વારા હાલમાં જ ભારતમાં ક્વોલિટી એક્ઝિક્યુટિવ એજ્યુકેશન માટે કોલોબ્રેશન કરવામાં આવ્યું છે.આ એમઓયુ દ્વારા બે સક્ષમ તાકાતો પ્રોફેશનલ એજ્યુકેશન માટે એક થઈ છે: અજાડ પેડિગ્રી, હિસ્ટ્રી અને રેપ્યુટેશન સાથે એક્સએલઆરઆઈ એજ્યુકેશન પ્રેક્ટિસ અને ટીસીએલએલની ફિઝીકલ પ્રેઝન્સ રહેલી છે અને તેમાં લર્નિંગ ટેકનોલોજી,સ્ટ્રોંગ કોર્પોરેટ કનેક્શન્સ અને કમિટમેન્ટ ભારતના શિક્ષણના એક્સલન્સને લાવે છે. ટીસીએલએલ એ વિવિધ વયજૂથના વિદ્યાર્થીઓમાં પ્રોફેશનલ એજ્યુકેશન આપે છે. મને વિશ્વાસ છે કે જાડાણ નિર્ણાયક માઈલસ્ટોન સ્થાપિત કરશે. અમે ઉચ્ચ શૈક્ષણિક માપદંડો સ્થાપિત કરીશું અને જાળવીશું કે જેથી વિદ્યાર્થીઓ આપોઆપ એક્સએલઆરઆઈ અને ટીસીએલએલમાં સામેલ થશે.' વર્કિંગ પ્રોફેશનલ્સ તેમની સ્કીલ સેટ અપગ્રેડ કરવા ઈચ્છે છે અને તે નવી લોન્ચ થયેલી કોર્પોરેટ લેડર પર જઈ શકે છે અને આગામી પ્રોગ્રામ્સ વિવિધ મોડમાં ડિલિવર કરી શકાય છે કે જેથી વર્કિંગ એક્ઝિક્યુટિવ્સની વ્યસ્ત લાઈફની કાળજી લે છે. એક્ઝિક્યુટિવ સર્ટિફિકેટ પ્રોગ્રામ બિલ્ડીંગ લીડરશીપ કોમ્પીટન્સીસ અને લીડર્સ વેલ્યુ સફળતા માટે સર્જે છે. વિવિધ વર્ગો લાઈવ ઈન્ટરએક્ટિવ લેક્ચર્સ સાથે પાર્ટીસિપન્ટ્સના ડેસ્કટોપ લેપટોપ સાથે સીધા જ આયોજિત થશે. આ કોર્સ માટે એપ્લિકેશન્સ ખુલ્લી છે.પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ ઈન બિઝનેસ એનેલિટિક્સ ફોર મેનેજમેન્ટ ડિસિઝન (પીજીસીબીએએમડી) એ ૧૨ મહિનાનો કોર્સ છે જે બિલ્ડીંગ ફાઉન્ડેશન તથા એડવાન્સ્ડ સ્કીલ્સ પર બિઝનેસ એનેલિટિક્સ પર આધારિત છે. એક્સએલઆરઆઈ બિઝનેસ ફિલ્ડમાં સ્પેશિયાલિસ્ટ્સ સર્જવાનો છે જે ઉંડાણપૂર્વકનું જ્ઞાન વિવિધ એનેલિટિક્સમાં ધરાવતા હોય અને ડેટા એનેલાઈઝ કર્યા પછી મેનેજરીયલ ઈનસાઈટ્સ આપવા સક્ષમ બનશે. જેથી નિર્ણયક્ષમતા વધે છે. આ કોર્સ માટે એપ્લિકેશન ૧૦ મે, ૨૦૧૭થી સ્વીકારાય છે. આ ક્લાસીસ લાઈવ ઈન્ટરએક્ટિવ લેક્ચર્સ તરીકે હશે જે દેશભરનાં મુખ્ય શહેરોમાં ટીસીએલએલ સેન્ટર્સમાં ઉપલબ્ધ હશે.

# વડોદરા શહેરે હોટ વ્હીલ્સ સાથે રચ્યું એપિક!



વડોદરા

હોટ વ્હીલ્સ એપિક રેસ માટે સેંકડો બાળકો એકત્ર આવ્યા તે સાથે ઈનોર્બિટ મોલ, ગોરવા થકી ગેટ.સેટ.ગો. શબ્દોના પડઘા પડ્યા હતા. મેટલ ટોયઝની ફ્લેગશિપ બ્રાન્ડ હોટ વ્હીલ્સે એપિક રેસ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા ૪૦ ફીટ લાંબા ટ્રેક સેટ સાથે ગોઠવીને શહેરે અગાઉ ક્યારેય નહીં કર્યો હોય તેવો અનુભવ આપ્યો હતો. આ વિરાટ સેટ-અપની મોહિનીમાં ઉમેરો કરતાં અગ્રણી ટોય કાર ઉત્પાદકે અધધધ ૩૫૦૦+ હોટ વ્હીલ્સ ડાય- કાસ્ટ મોડેલ કાર્સ એકત્ર ગોઠવીને અસલ આકારની કાર પણ રજૂ કરી હતી.આ ઈવેન્ટમાં ઈનોર્બિટ મોલમાં ઈન્સ્ટોલ કરેલા ૪૦ ફીટ ટ્રેક સેટ પર અસાધારણ એલિમિનેશન રેસનો સમાવેશ થતો હતો. શહેરના અનેક ભાગોમાંથી બાળકો રેસમાં ભાગ લેવા માટે ભેગા થયા હતા, જ્યાં બધા સહભાગીઓને શ્રેણીબદ્ધ હોટ વ્હીલ કાર્સમાંથી પસંદગી કરવાનો રોમાંચક મોકો આપવામાં આવ્યો હતો. રેસ થકી જીતવાના જોશને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું ત્યારે વિજેતાઓને શોપિંગ ઝોન્સમાં રેસ કરવાનું લાઈસન્સ મળ્યું હતુંમેટલ ટોયઝ્ પ્લે વિથ પર્પઝની મુખ્ય ફિલોસોફી આસપાસ તેના પ્રયાસો કેન્દ્રિત કર્યા છે, જ્યાં વૈશ્વિક આગેવાન દ્વારા વિકસિત દરેક ટોય સાથે આંતરિક લાભો સંકલાયેલા છે. હોટ વ્હીલ્સની ટોય- કાર્સ બાળકોનું મનોરંજન કરવા સાથે ફિઝિક્સ અને મેથ્સનું ગતિ અને અંતરનું વ્યવહારુ જ્ઞાન પણ આપે છે. એપિક રેસ બાળકોની ક્રિયાત્મકતા, કલ્પનાશક્તિને ગતિ આપીને અને તેમને તેમની સીમાઓની પાર નીકળીને જીવનમાં રમતનું મહત્ત્વ સ્થાપિત કરે તે રીતે સાકાર કરવામાં આવી છે. ઈનોર્બિટ મોલ આગામી ૧૦ વર્ષ માટે એપિક રેસનું ઘર છે, જે વડોદરાના બાળકોને આજીવન યાદગાર એપિક અનુભવ આપશે.

# મહિલા ઉધોગ સાહસિક્તા વિકાસ તાલિમ શિબિરનો પ્રારંભ



ઉધોગ સાહસિક્તા વિકાસ સંસ્થાન ગાંધિનગર અને ઓમ સેવા મહિલા ટ્રસ્ટ પાટણના સંયુક્ત ઉપક્ર્મે ૧૧ મી મે થી પંદર દિવસ માટે મહિલાઓમાં ઉધોગ સાહસિક્તા વિકાસ તાલિમ શિબિરનો ગુરૂવારના રોજ પી.કે.કોટાવાલા ટેક્નીક્લ હાઈસ્કુલ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. પંદર દિવસ ચાલનારા મહિલા ઉધોગ સાહ્સિક્તા વિકાસ તાલીમ શિબિરમાં વિવિધ તજઘ્નો દ્ધારા નવીન ઉધોગો શરૂ કરવા ઉધોગોના સ્થળ,ઉધોગો માટે સરકાર તરફથી મળતી સહાય,માકેટિંગ સહિતની વિશેષ જાણકારી પ્રદાન કરવામાં આવી હતી .આ ઉધોગ સાહ્સિક્તા શિબિરમાં પાટણ જિલ્લાની ૪૦ જટ્લી મહિલાઓ એ લાભ લીધો હતો. તાલીમ કાર્યકર્મમાં જિલ્લા ઉધોગ કેન્દ્રના જ્નરલ મેનેજર શરદચ્રંદ સોલંકી, ડી.જે.પટેલ ,વિજય ચોધરી અમદાવાદના સુર્યકાન્ત પટેલ,સુરેન્દ્રભાઈ કિષ્ચ્યન,ટેકનીક્લ હાઈસ્કુલના પ્રિન્સીપાલ ડી.આર.મોદી ઓમ સેવા ટ્રસ્ટના રેણુકાબેન ઠક્કર જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઓડીએ વિરાટ કોહલીને ઓડી Q7 અર્પણ કરી



અમદાવાદ

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતીય ક્રિકેટ ટીમનાં કેપ્ટન વિરાટ કોહલીનો ઓડી ઊ પરિવારમાં સમાવેશ કર્યો છે. ઓડી ઈન્ડિયા અધ્યક્ષ રાહિલ અન્સારીએ એસયુવી આઈકોન ઓડી Q7 45 TDIની ચાવી વિરાટ કોહલીને અર્પણ કરી હતી.ઓડી Q7 લાઈટવેઈટ, સ્પોર્ટી અને શક્તિશાળી છે. તેની સાથોસાથ તે લકઝરી પણ ઓફર કરે છે. મારા ગેરેજમાં આ કાર આવતા મને ઘણી ખુશી થઈ છે.''ઓડી બ્રાન્ડ સ્પોર્ટી, પ્રોગેસિવ અને સોફિસ્ટકેટેડ ગુણો ધરાવે છે, જે વિરાટ કોહલીમાં પણ જોવા મળે છે. મહાનતાની શરૂઆત ત્યારે થાય છે કે જ્યારે તમે અટકતા નથી. વિરાટ કોહલી માત્ર ફિલ્ડ પરફોર્મન્સમાં જ નહિં, સમગ્ર વ્યક્તિત્વમાં પણ અદભૂતતતા ધરાવે છે. વિરાટ અમારા વફાદાર ગ્રાહક છે તેની પણ અમને ખુશી છે.'

# ૨૫-૩૫ વયજૂથના ૨૩ ટકા પુરુષો અને ૨૧ ટકા સ્ત્રીઓએ પ્રી- હાઈપરટેન્શન હોવાનું નોંધાવ્યુ

***ઈન્ડસ હેલ્થ પ્લસ એબ્નોર્માલિટી રિપોર્ટનું તારણ***

અમદાવાદ

વર્લ્ડ હાઈપરટેન્શન ડે, એટલે કે, ૧૭મી મે, ૨૦૧૭ના અવસરે ઈન્ડસ હેલ્થ પ્લસ દ્વારા હાથ ધરવામાં આવેલા અધ્યયનમાં ૨૫-૩૫ વયજૂથના ૨૩ ટકા પુરુષો અને ૨૧ ટકા સ્ત્રીઓને પ્રી- હાઈપરટેન્શન હોવાનું નોંધ્યું હતું. જો તેનો ઉપચાર નહીં કરાય તો આખરે હાઈપરટેન્શનમાં પરિણમી શકે છે અને તેમાંથી સ્ટ્રોક કે કાર્ડિયોવેસ્ક્યુલર ડિઝીઝ (સીવીડી) ઉદભવી શકે છે. અધ્યયનમાં ૧૬૭૭૬ લોકોને આવરી લેવાયા હતા, જેમની પર જાન્યુઆરી- ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન પ્રતિબંધાત્મક આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી હતી.અહેવાલમાં એવું તારણ નીકળ્યું છે કે હાઈપરટેન્શન સાથે નિદાન થયેલા ૫૦ ટકા લોકોનો બીપી અને હાર્ટ ડિઝીઝનો પારિવારિક ઈતિહાસ હતો. આમાંથી ૪૫-૫૫ વયજૂથમાં ૩૨ ટકા પુરુષો અને ૮ ટકા સ્ત્રીઓ સ્થૂળ હતી, જ્યારે ૩૧ ટકા પુરુષ અને ૨૯ ટકા સ્ત્રીઓ ડાયાબીટીસગ્રસ્ત હતાં. તેમને હાર્ટ ડિઝીઝ અને સ્ટ્રોક્સનું ઉચ્ચ જોખમ હતું. આઈટી અને બીપીઓ ક્ષેત્રમાંનાં ૩૨ ટકા પુરુષો અને ૧૫ ટકા સ્ત્રીઓ નિયમિત ધોરણે તમાકુ અને શરાબ સેવન કરતાં હતાં. ઉપરાંત જંક ફૂડનું વધુ માત્રામાં સેવન અને શારીરિક અપ્રવૃત્તિએ સ્થૂળતા અને હાઈપરલિપિડેમિયાની સપાટી વધારી છે. સર્વ વયજૂથમાં ૨૪ ટકા પુરુષો અને ૨૦ ટકા સ્ત્રીઓ સ્થૂળતા અને હાઈપરલિપિડેમિયા પ્રેરિત હાઈપરટેન્શનને નિર્બળ હોવાનું જણાયું હતું. જો સમયસર ઉપચાર નહીં થાય તો હાઈપરટેન્શન હૃદયની સમસ્યાઓ, રેનલ અને મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોર પેદા કરી શકે છે. સમયસર અને નિયમિત તપાસથી હાઈપરટેન્શનનું જોખમ ઓછું કરી શકાય છે

હાઈપરટેન્શનની વ્યાખ્યા સિસ્ટોલિક બ્લડ પ્રેશર (BP) =140 mmHg અને/ અથવા ડાયસ્ટોલિક BP =90 mmHg તરીકે કરવામાં આવે છે, જ્યારે પ્રી-હાઈપરટેન્શન એ સિસ્ટોલિક ૈ ૧૨૦–૧૩૯ ક્ષ્ક્ષઊઁક્ષ છે. એથેરોસ્કેલેરોસિસ એવો રોગ છે, જેમાં તમારી ધમનીઓની અંદર પ્લાક તૈયાર થાય છે. ધમનીઓ તમારા હૃદય અને શરીરના અન્ય ભાગોમાં પ્રાણવાયુ સમૃદ્ધ લોહી વહન કરતી રક્તવાહિનીઓ છે. એથેરોસ્ક્લેરોસિસથી ગંભીર સમસ્યાઓ પેદા થઈ શકે છે, જેમાં હાર્ટ એટેક, સ્ટ્રોક, હાઈપરટેન્શનનો સમાવેશ થાય છે. જો યોગા અને ધ્યાન નિયમિત ધોરણે કરાય તો હાઈપરટેન્શનને દૂર રાખી શકાય છે. આ આઈએસઓ ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણિત કંપની ઈન્ડસ હેલ્થ પ્લસ દરેકને દરરોજ ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ ઉપલબ્ધ, પહોંચક્ષમ અને પરવડનારું બનાવવાના સૂત્રને વળગી રહેવા માટે કટિબદ્ધ છે. પ્રતિબંધાત્મક પરીક્ષણ મારફત રોગનું વહેલું નિદાન જીવન બચાવે છે અને વ્યક્તિ તથા તેના કુટુંબને ભરપૂર માનસિક, ભાવનાત્મક અને નાણાકીય તાણ હેઠળ જવાથી પણ બચાવે છે.

## અમદાવાદમાં વજ્ર ઓ'ફોર્સ દ્વારા યોજાયેલી સૌથી મોટી દોરડાં ખેંચ ('ટગ ઓફ વોર') ટુર્નામેન્ટનો ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો



અમદાવાદ

અમદાવાદ શહેરમાં મહિલાઓની સલામતિ અને સશક્તિકરણ માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા વજ્ર ઓ'ફોર્સ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સૌથી મોટી ટગ ઓફ વોર (દોરડાં ખેંચ)નો ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ તોડવામાં આવ્યો છે. આ ટુર્નામેન્ટમાં ૬૯૮ ટીમ દ્વારા ૬,૨૮૨ લોકો સામેલ થયા હતા. આ રમતમાં મજબૂત ઈચ્છાશક્તિ અને દ્રઢતા જરૂરી બનતી હોય છે. આ મેચ ટગ ઓફ વોર ઈન્ટરનેશનલ ફેડરેશનના નિયમો અનુસાર રમાઈ હતી. વજ્ર ઓ'ફોર્સ દ્વારા ભરૂચ જીલ્લા વહિવટી તંત્રનો વિક્રમ તોડવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૬માં ભરૂચ જીલ્લાની ટુર્નામેન્ટમાં ૪,૬૭૨ લોકો સામેલ થયા હતા. આજની ટુર્નામેન્ટ અંગે જ્યારે પૂછવામાં આવ્યું કે તમને ટગ ઓફ વોરની સૌથી મોટી ટુર્નામેન્ટમાં ગિનિઝ વર્લ્ડ રેકોર્ડ તોડવાની ઈચ્છા કઈ રીતે થઈ ત્યારે જવાબમાં વજ્ર ઓ'ફોર્સ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર રૂઝાન ખંભાતાએ જણાવ્યું હતું કે ટગ ઓફ વોર એ મહિલાઓની સલામતિ અને સશક્તિકરણ માટેની લડાઈ છે. આ વર્લ્ડ રેકોર્ડ તોડીને અમે મહિલાઓની સલામતિ અને સશક્તિકરણ અંગે મજબૂત સંદેશો આપવા માંગીએ છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મહિલાઓની સલામતિ એ સ્ત્રીઓની લડત નથી, પણ તે સારા અને ખરાબ (Good and Evil) તત્વો વચ્ચેની લડત છે.

જીવન એક દોરડા ખેંચ જેવું છે. જો તમે મહિલા હો તો તમારે સતત ખેંચાવું પડે છે. તમે તમારી તાકાત બતાવી શકતા નથી કે ખેંચીને જીતી પણ શકતાં નથી. જીવન અન્યાયી છે, પણ આપણે તેને ન્યાયી બનાવી શકીએ તેમ છીએ. મહિલાઓ પર થતા સતત ઘરેલુ હિંસાના હુમલાઓ, અસમાનતા, કુપોષણ અને આરોગ્યની ઓછી સંભાળને કારણે આપણાં સમાજમાં માતાઓ અને દિકરીઓને માઠી અસર થાય છે. હંમેશની જેમ આપણે ખડેપગે રહીને કામ કરવાનું છે. આપણે તેમનું સશક્તિકરણ કરવાનું છે અને તેમની જીંદગીમાં ગૌરવ બક્ષવાનુ છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા આ ટુર્નામેન્ટમાં ટેકનિકલ પાર્ટનર હતી અને આ ટુર્નામેન્ટને રસના, એચબી કાપડિયા અને હોમગાર્ડઝનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ રમતના ફોર્મેટ દ્વારા કોઈ બિનસરકારી સંસ્થાએ મહિલાઓની સલામતિ, સુરક્ષા, સશકિતકરણ, કૌશલ્ય વિકાસ, રોજગારીની તકો, જાતિય જાગૃતિ અને સ્વ-સુરક્ષા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો હોય તેવી સૌ પ્રથમવાર ઘટના બની છે. વિવિધ શાળાઓ, કોલેજો અને કોર્પોરેટ હાઉસ આ ટુર્નામેન્ટનું પ્રતિષ્ઠીત ટાઈટલ હાંસલ કરવા માટે સ્પર્ધામાં જોડાઈ હતી.

## ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ ૧૯ એન્કર ઈન્વેસ્ટર્સને રૂ. ૧૦૧૨.૪૪ કરોડનાં ૧૦.૧૨ કરોડ યુનિટની ફાળવણી યુનિટદીઠ રૂ. ૧૦૦નાં ભાવે કરશે

ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ ("ઈન્ડિગ્રેડ" કે "ટ્રસ્ટ")એ ૧૯ એન્કર ઈન્વેસ્ટર્સને રૂ. ૧૦૧૨.૪૪ કરોડનાં ૧૦.૧૨ કરોડ યુનિટની ફાળવણી યુનિટદીઠ રૂ. ૧૦૦ (પ્રાઈઝ બેન્ડની અપર એન્ડ)ના ભાવે ફાળવશે. ઈશ્યૂ ૧૭ મે, ૨૦૧૭નાં રોજ ખુલશે, જે કુલ રૂ. ૨૨૫૦ કરોડ ("ઈશ્યૂ")નો ઈનિશિયલ પબ્લિક ઈશ્યૂ યુનિટદીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૯૮થી રૂ. ૧૦૦ ધરાવે છે.ઈન્ડિગ્રિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ("InvIT") છે, જેની સ્થાપના ભારતમાં આંતર-રાજ્ય પાવર ટ્રાન્સમિશન અસ્કયામતોની માલિકી માટે કરવામાં આવી છે. સ્ટર્લાઈટ પાવર ગ્રિડ વેન્ચર્સ લિમિટેડ અને સ્ટર્લાઈટ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ લિમિટેડ એ ઈન્ડિગ્રિડનાં અનુક્રમે સ્પોન્સર અને ઈન્વેસ્ટમેન્ટ મેનેજર છે. એક્સિસ ટ્રસ્ટી સર્વિસીસ લિમિટેડ એ ઈન્ડિગ્રિડનાં ટ્રસ્ટી છે.બિડ્સ લઘુતમ ૧૦,૨૦૬ યુનિટ માટે અને પછી ૫,૧૦૩ યુનિટનાં ગુણાકમાં થઈ શકશે. બિડ/ઈશ્યૂ ૧૯ મે, ૨૦૧૭નાં રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર્સ સિવાયનાં બિડર્સ માટે બિડની લઘુતમ સાઈઝ રૂ. ૧ મિલિયન (રૂ. ૧૦ લાખ) છે. ઈનિશિયલ પબ્લિક ઈશ્યૂ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) નિયમન, ૨૦૧૪, જેમાં સુધારા મુજબ,નાં નિયમ ૧૪(૪) પર આધારિત છે, જેમાં કોઈ પણ પરિપત્રો અને ઈશ્યૂ થયેલા નિયમો ("હ્દ્ૈ ઈીક્ષ્રક્ષ્રક્કૈહજ") સામેલ છે. આ ઈશ્યૂ ઈશ્યૂ પછીનાં આધારે ઈન્ડિગ્રિડનાં બાકીનાં યુનિટનો ઓછામાં ઓછો ૨૫ ટકા હિસ્સો ધરાવશે.ઈન્ડિગ્રિડનાં યુનિટનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર થશે.

## ભારતીય અપરાધ અને માનવ અધિકાર ફરિયાદ નિવારણ સંઘ દ્વારા હાસ્ય કવિ સંમેલનનું આયોજન




અમદાવાદ

શહેરના પછાત અને ગરીબ વર્ગના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને તેમનો સર્વાનગિંક વિકાસ થાય હેતુથી ભારતીય અપરાધ અને માનવ અધિકાર નિવારણ સંઘ દ્વારા અમદાવાદના ટાગોર હોલ પાલડી ખાતે ૧૮મી મે, ગુરૂવારના રોજ, બપોરે ૨:૦૦ કલાકથી હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. હાસ્ય કવિ સંમેલનમાં જાણીતા કવિઓ, ઓમપાલ શર્મા (ચેન્નઈથી), વિશ્વકર્મા શિવમ હથગામી (ફતેહપુર, ઉત્તરપ્રદેશથી), અજય વર્મા (ઉન્નવા, ઉત્તરપ્રદેશથી), શ્વેતા સિંહ (વડોદરા, ગુજરાતથી), સુરેન્દ્રસિંહ અજ્ઞાની (સુરત, ગુજરાતથી) ઉપસ્થિત રહેશે.

## યોગ્ય ફંડની પસંદગી દ્વારા ઈક્વિટીમાં તેજીનો લાભ લો

ભારતીય બજારોના સૂચકાંકો નવી વિક્રમી સપાટીએ જોવાઈ રહ્યા છે અને ભારત વૃદ્ધિના તબક્કામાં આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ચાલુ વર્ષે વધુ વરસાદ થવાની આગાહી કરવાને પગલે અર્થતંત્ર મજબૂત બનશે તથા આગામી સમયમાં પણ અર્થતંત્રની વૃદ્ધિની ગતિ જળવાઈ રહેશે. ડીએસપી બ્લેકરોક ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ તેના ડીએસપી બ્લેકરોક ઈક્વિટી ફંડની કામગીરીના સફળ ૨૦ વર્ષોની ઉજવણી કરી રહ્યું છે. ૨૯ એપ્રિલ, ૧૯૯૭ના રોજ સ્થપાયેલ આ ફંડે નિફ્ટી-૫૦૦ બેન્ચમાર્કના ૧૩.૧૬ ટકાના ચક્રવૃદ્ધિ દરે આપેલા વળતરની તુલનાએ સમાન સમયગાળા દરમિયાન તેની શરુઆતથી વાર્ષિક ૨૦.૮ ટકાના ચક્રવૃદ્ધિ વૃદ્ધિ દરે વળતર આપ્યું છે. જેને કારણે ઈક્વિટી મલ્ટિ-કેપ કેટેગરીના ટોચના ૩ ફંડ્સમાં તનો સમાવેશ થાય છે. નિષ્ણાતોના મતે દેશમાં આર્થિક સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે, ઉદ્યોગસાહસિકતાનો માહોલ હકારાત્મક છે અને તમામ કારોબારોમાં મૂલ્ય વર્ધનની ઘણી ઉજળી શક્યતાઓ રહેલી છે. આ સ્થિતિમાં આગામી એક દાયકા સુધી ઈક્વિટી પસંદગીની અસ્ક્યામત તરીકેનું સ્થાન જાળવી રાખશે તેમ નિષ્ણાતોનું માનવું છે. છેલ્લાં ૨૫ વર્ષ દરમિયાન યુએસ બોન્ડમાં વધારાના પાંચ અલગ-અલગ સમયગાળાના નિરીક્ષણ દરમિયાન ભારતીય ઈક્વિટીઝમાંથી મળતું સરેરાશ ત્રિમાસિક વળતર સતત મજબૂત જોવાયું છે. ઈક્વિટી આધારિત રોકાણ સાધનો દિર્ઘકાલીન હોય છે જે લાંબાગાળે સમૃદ્ધ બનાવે છે તે બાબત રોકાણકારોએ સમજવાની જરૂર છે. સંપૂર્ણ ડેટ આધારિત રોકાણમાં મળતરની તુલનાએ ઈક્વિટી આધારિત સાધનમાં કરાયેલા રોકાણમાં ચક્રવૃદ્ધિ દરના કારણે ૧-૨ પર્સન્ટેજ પોઈન્ટનું ઊંચુ વળતર પણ તમને જંગી લાભ કરાવી આપે છે. મોટાભાગના રોકાણકારો બજારમાં થતી વધઘટને આધારે રોજે રોજ તેમના નફા-નુકસાનની ગણતરી કરવાની ટેવ ધરાવે છે. આવા રોકાણકારો માત્ર ટૂંકાગાળાની કામગીરી પર નજર રાખે છે અને જો કામગીરી સારી ના હોય તો તેઓ વહેલા-મોડાં પોતાનું રોકાણ વેચી અને ક્યારેક ખોટી જગ્યાએ રોકાણ કરી નાખે છે. આ સ્કીમે ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત સિક્યુરિટીઝનો સમાવેશ ધરાવતા સાતત્યપૂર્ણ પોર્ટફોલિયોની મદદથી લાંબાગાળા માટે મૂડીમાં વધારો કરવાની કામગીરી જાળવી રાખી છે અને તે સમયાંતરે પડતી રોકડની જરૂરિયાતોને પૂર્ણ કરવા તેના ભંડોળનો કેટલોક હિસ્સો ડેટ અને મની માર્કેટની સિક્યુરિટીઝમાં પણ રોકે છે. ૨૦૧૬થી શ્રી અતુલ ભોળે આ ફંડનું સંચાલન કરે છે.

# સ્કાયબેગ્સનું 'ક્રોસરોડ' કલેક્શન



સ્કાયબેગ્સ દ્વારા ખાસ 'ક્રોસવર્ડ' કલેક્શન રજૂ કરવામાં આવ્યું છે જે ખાસ એવા નોકરીયાતવર્ગ માટે છે જેઓ દેશ દુનિયામાં પોતાની એક અલગ છાપ છોડવા માટે તૈયાર છે. આપરફેક્ટ સ્ટાઈલીશ ટ્રાવેલ કલેક્શનને ટ્રેન્ડ સેન્ટર તરફથી ખુબ જ પ્રેમ મળ્યો છે. આકલેક્શન તમારી મુસાફરીને વધુ આકર્ષક બનાવવામાં મદદ રૂપ થશે. એચડી શાઈનીપોલિસ્ટરથી બનેલુ આકર્ષક સ્ટ્રોલી ત્રણ સાઈઝમાં અને મરીન બ્લ્યુ અને રાસબેરી એમ બેરંગોમાં મળશે. તે ઉપરાંત તેમાં ટીએસએ લોકની પણ સુવિધા આપવામાં આવી છે. તેમજસાઈડ બોટલ, કોર્નર ગાર્ડ્સ, સાઈડની તરફ વધુ જગ્યા જેવી સુવિધાઓ પણ આપવામાંઆવી છે. ક્રોસવર્ડએ તમારા દરેક સફર માટે એક હમસફર બનીને રહેશે. ધ સ્ટ્રોલીની કિંમત રૂ. ૮૧૫૦થી લઈને ૧૧,૨૫૦ની વચ્ચે છે.

## સોનીલિવે ભારતની પ્રથમ ગુજરાતી રોમ-કોમ વેબ સિરીઝ કાચો પાપડ પાકો પાપડ લોન્ચ કરી



શું તમે થોડાં વર્ષથી યુવાન છો કે વ્યાપક ઉંમર અંતરથી મોટા છો? પરિવાર દ્વારા ગોઠવાયું છે કે સેકરિન જેવો મીઠો રોમાન્સ છે કે લફરાબાજી છે?સરેરાશ મધ્યમ વર્ગીય ગુજરાતી પરિવારની આ મૂંઝવણ છે, જેના આધાર પર ભારતની પ્રથમ ગુજરાતી રોમ- કોમ વેબ સિરીઝ કાચો પાપડ પાકો પાપડ સોનીલિવ પર લાવવામાં આવી રહી છે, જે સ્વાદની વ્યાખ્યા કરે છે.આ શો સાથે સોની પિક્ચર્સ નેટવર્કસ (એસપીએન)નું ડિજિટલ મંચ સોનીલિવ આ વર્ષે અગાઉ મરાઠી વેબ સિરીઝ યોલો રજૂ કર્યા બાદ તેના પ્રાદેશિક કન્ટેન્ટ ડાયલોગમાં વધુ એક અદભુત ઉમેરી કરી રહી છે. દર્શકોને ઉચ્ચ ગુણવત્તાનું, જોડી શકાય તેનું ખાસ તેમને માટે ઘડવામાં આવેલું મનોરંજન માણવાની તક આપતાં સોનીલિવ ફરી એક વાર વી લિવ ટુ એન્ટરટેઈન એ તેના બ્રાન્ડ વચનને સાર્થક કરે છે.આમાં મજેદાર લફરાં તમને પેટ પકડાવીને હસાવશે. આ ગુજરાતી વેબ સિરીઝમાં કન્ટેન્ટ અને એક્ટરોનું અનુકૂળ સંયોજન છે, જે તમને તમારા સ્ક્રીન પર જકડી રાખશે. રૂપા દિવેટિયા, પ્રતાપ સચદેવ અને ભક્તિ રાઠોડ અભિનિત કાચો પાપડ પાકો પાપડ મણિયાર પરિવારમાં દુઃસાહસો ફરતે વીંટળાયેલી મજેદાર વારતા છે.આ

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

# સાક્ષી મલિકનું એશિયન ચેમ્પિયન્સશિપમાં પણ પદક પાક્કુ



ઓલિપિક કાંસ્ય પદક વિજેતા સાક્ષી મલિકે એશિયન ચેમ્પિયનશિપની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. રિયો ઓલિંપિક બાદ પહેલી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ રમી રહેલ સાક્ષી ૬૦ કિલોગ્રામ વર્ગમાં કજાકિસ્તાનની અયોઉલિમ કાસિમોવાને ૧૫-૩થી હરાવી ફાઈનલમાં પહોંચી છે.આ જીત સાથે જ સાક્ષી ટુર્નામેન્ટમાં ઓછું ઓછું રજત પદક જીતે તે પાક્કુ થઈ ગયું છે.

મોટી વાત એ છે કે સાક્ષીની સાથે ૫૫ કિલોગ્રામ વર્ગમાં વિનીશ ફોગાટ અને ૬૯ કિલોગ્રામ વર્ગમાં દિવ્યાકાકરાને પણ ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ત્રમેય પહેલવાનોનો મુકાબલો જાપાનની મહિલા પહેલવાનોથી થશે આ ઉપરાંત બે મહિલા પહેલવાન પિંકી (૫૩ કિલોગ્રામ વર્ગ) અને રિત ફોગાટ(૪૮ કિલોગ્રામ વર્ગ) કાંસ્યા પદક માટે પોતાનો મુકાબલો રમશે.

અનુસંધાન પાન નં.૬ ઉપર



## ચેમ્પિયન્સ ટ્રોફીમાં ફાઈનલ ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે થશે : માઈકલ કલાર્ક




(હિં.સ.)

નવીદિલ્હી

ઈગ્લેન્ડમાં ૧ જુનથી શરૂ થઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીને લઈ અટકળોનું બજાર અત્યારથી જ શરૂ થઈ ગયું છે.ઓસ્ટ્રેલિયાના પૂર્વ સુકાની માઈકલ કલાર્કે ચેમ્પિયન્સ ટ્રોફીને લઈ એક ભવિષ્યવાળી કરી છે જેથી તમામ લોકો આશ્ચર્યમાં પડી ગયા છે.

હકીકતમાં માઈકલ કલાર્કનું માનવુ છે કે આગામી મહીને ઈગ્લેન્ડમાં યોજાનાર ચેમ્પિયન ટ્રોફીની ફાઈનલ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે.ઈગ્લેન્ડની પરિસ્થિતિઓથી ટીમોના પ્રદર્શન પર ખુબ પ્રભાવ પડશે.

કલાર્કે કહ્યું કે મને લાગે છે કે ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો ફાઈનલમાં પહોંચશે. ઈગ્લેન્ડમાં સ્થિતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.ઉદાહરણ તરીકે જો બોલરોને સ્વિંગ અને સીમ મળશે તો ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલરોનો સામનો કરવો મુશ્કેલ બની જશે આથી અમે સારી સ્થિતિમાં હોઈશું. મિશેલ સ્ટાર્ક,જેમ્પ પેટિનનસ જોશ હેજલવુડ પૈટ કમિંસનો સામનો કરવો મુશ્કેલ થઈ શકે છે.

આ ઉપરાંત કલાર્કે એ પણ કહ્યું કે જો ત્યાં ગરમી હશે તો કેટલોક ટર્ન થશે તો ભારતના બંન્ને સ્પીનરો રવીન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિનનો સામનો કરવો મુશ્કેલ થઈ પડશે.કલાર્કે કહ્યું કે જો ત્યાં ગરમી હશે અને વિકેટ સ્પિન કરશે તો આવી પિચો પર અશ્વિન અને જાડેજાથી સારૂ કોઈ નથી. આ ભારતના પક્ષમાં હશે જાડેજાના રૂપમાં ભારતની પાસે સારી સ્પિનર છે જે બેટીંગ પણ કરી શકે છે.

# આઈપીએલ ૧૦ : બંધ આખોથી પણ સદી મારી શકુ છું : ક્રિસ ગેલ

**ટીમ સ્પીરીટ**

ક્રિસ્ટોફર હેનરી ગેલ,જેને દુનિયા ક્રિસ ગેલના નામથી જાણે છે.ખુદને યુનિવર્સ બોસ કહે છે.ક્રિકેટ ઈતિહાસના સૌથી વિસ્ફોટક બેટસમેનોમાંથી એક ગેલ વર્તમાન આઈપીએલમાં કંઈ ખાસ કરી શકયો નથી આમ છતાં તે એ માનવા તૈયાર નથી કે તે થાકી ચુકયો છે. ઉમ્ર તેના પર હાવી થવા લાગી છે.દિલ્હી ડેયરડેવિલ્સની વિરૂધ્ધ શ્રેણીની અંતિમ મેચ રમ્યા બાદ તેણે એક ખાનગી ચેનલ સાથે વાતચીતમાં બિંદાસ વાતચીત કરી હતી.




તેણે કહ્યું કે લોકોને મારા પર ઘણી આશા હતી મારી પાસે ફાસ્ટેસ્ટ ૫૦,દરેક બોલ પર બાઉન્ડ્રી ઈચ્છતા હતાં એ બતાવે છે કે તમે તમારા કેરિયરમાં કાંઈક હાંસલ કર્યો છે એ કહી શકુ છું કે વધુ મજબુત થઈ અને વિસ્ફોટની સાથે પાછો ફરીશ.

તેણે કહ્યું કે મારી ઉમર વધી રહી છે પરંતુ આ સાથે મારી સમજદારી પણ વધી રહી છે તમારા જેટલી સમજદારી હશે એટલો જ વધુ સમય સુધી મેદાનમાં ટકી શકશો ક્રિકેટ મારા માટે નેચરલ છે. હું મારી આંખો બંધ કરીને પણ સરળતાથી સદી બનાવી શકુ છું લોકો ઉમરની વાત કરશે જ.પરંતુ મારૂ માનવું છે કે જો હું ફિટ છું તો ૧૦૦ ટકા એવું જ રમીશ જેવું રમતો આવ્યો છું.

ભારતના ઉભરતા વિકેટકીપર બેટસમેન ઋષભ પંત બાબતે જણાવ્યું હતું કે હું તેને અંડર ૧૯ વિશ્વકપથી જોઈ રહ્યો છું નાના કદના આ બેટસમેનનું લાંબુ કેરિયર છે. તે ટેલંટથી ભરેલ છે હું બસ એ કહીશ કે બોલને લાંબા અંતર સુધી ઉડાવતો રહે સતત રંગ જમાવતો રહે

આ વખતે ચેમ્પિયન ટ્રોફીમાં રમશે નહીં કારણ કે વેસ્ટ ઈન્ડિઝની ટીમ તેમાં હશે નહીં કોને ટેકો આપશો.તે સવાલના જવાબમાં ગેલે કહ્યું કે મારી કોઈ ફેવરીટ ટીમ નથી હું ઈચ્છુ છું કે મેદાન પર ખેલ એક યુધ્ધની જેમ હોય જેમાં ક્ષમતા હશે તે આગળ નિકળશે જે ટીમ ત્યાંની પરિસ્થિતિને તાકિદે સમજી શકશે તેને લાભ થશે

તેણે કહ્યું કે ભારત ખુબ પસંદ છે.એક રીતે અહીં વસેલો જ છું.ભારતીય અમારા પરિવારના સભ્યની જેમ છે. ભારતે મારા જીવનમા ખુબ મોટો રોલ ભજવ્યો છે.અહીંના જેવી મેજબાની કદાચ જ કયાંય મળશે છે.હું તમામ ભારતીયોનો તેના માટે આભાર માનું છે.

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ કઈ ભારતીય મહિલા ખેલાડીએ ચેન્નાઈમાં રમાયેલ એશિયન સ્કવોશ ચેમ્પિયનશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૨. હાલમાં જ કયાં ટેનીસ ખેલાડીએ દસમી વખત બાર્સેલોના ઓપન ચેમ્પીયનશીપ જીતીને ઈતિહાસ રચ્યો હતો ? કયા ખેલાડીને હરાવીને ?

૩. હાલમાં જ એશિયન બોક્સીંગ ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૪. 'અઝરૂદ્દિન ભારતીય ક્રીકેટ ઈતિહાસના મહાન કેપ્ટન' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૫. આ વર્ષે વિમ્બલ્ડન ચેમ્પિયનને કેટલા રૂપિયા ઈનામ પેટે મળશે ?

૬.ભારતીય હોકીની સર્વોચ્ચ સંસ્થા હોકી ઈન્ડિયાએ કયા ખેલાડીની ભલામણ 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' માટે કરી છે ?

૭. હાલમાં જ કયા ખેલાડીએ યુરોપિયન ફુટબોલ ચેમ્પિયન્સ લીગની ફર્સ્ટ લેગ સેમી ફાઈનલમાં કયા ખેલાડી 'હેટ્રીક' કરી હતી ?

૮.હાલમાં જ કેટલા વર્ષ પછી ભારતીય ફુટબોલ ટીમ ફિફાના વર્લ્ડ રેન્કીંગમાં ટોપ ૧૦૦ માં સ્થાન મેળવવામાં સફળ રહી હતી ?

૯. હાલમાં આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશનના વર્લ્ડ રેંકીંગમાં ટોપ-૧૦૦ માં ભારતના કયા ત્રણ ખેલાડીઓને સ્થાન મળ્યું છે ?

૧૦. હાલમાં જ અમદાવાદની કઈ મહિલા ટેનિસ ખેલાડીની પસંદગી કોમનવેલ્થ યુથ ગેમ્સ માટે કરવામાં આવી હતી ?

૧૧. આ વર્ષે કયા દેશ સામે હારી જવાથી ભારતીય હોકી ટીમે સુલતાન અઝલાન શાહ હોકી કપ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં પ્રવેશવાની તક ગુમાવી હતી ?

૧૨. હાલમાં જ કયા બે ભારતય બોકસરોએ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં સીલ્વર મેડલ જીત્યા હતા ?

૧૩.હાલમાં જ ભારતે કયા દેશને હરાવીને સુલતાન અઝલાન શાહ કપ હોકી ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો ?

જવાબ :

૧.હાલમાં જ ભારતની જોશના ચીનપ્પાએ ભારતીય મહિલા દીપીકા પલ્લિકલે હરાવીને ચેન્નાઈમાં રમાયેલ એશિયન સ્કવોશ ચેમ્પિયનશીપ જીતી હતી.

૨. હાલમાં જ સ્પેનના રાફેલ નડાલે ઓસ્ટ્રીયાના ડોમીનીક થિએમ નામના ટેનીસ ખેલાડીને હરાવીને દસમી વખત બાર્સેલોના ઓપન ચેમ્પીયનશીપ જીતીને ઈતિહાસ રચ્યો હતો .

૩. હાલમાં જ એશિયન બોક્સીંગ ચેમ્પિયનશીપનું આયોજન ઉઝબેકીસ્તાનમાં કરવામાં આવ્યું હતું.

૪. 'અઝરૂદ્દિન ભારતીય ક્રીકેટ ઈતિહાસના મહાન કેપ્ટન' હાલમાં જ આ વિધાન શ્રીલંકાના ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા કેપ્ટન અર્જુન રણતુંગાએ કર્યું હતું.

૫. આ વર્ષે વિમ્બલ્ડન ચેમ્પિયનને ૧૮ કરોડ રૂપિયા ઈનામ પેટે મળશે.

૬.ભારતીય હોકીની સર્વોચ્ચ સંસ્થા હોકી ઈન્ડિયાએ ભારતીય હોકી ટીમના ભૂતપુર્વ કેપ્ટન સરદાર સીંઘ ખેલાડીની ભલામણ 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' માટે કરી છે.

૭. હાલમાં જ કયા ખેલાડીએ યુરોપિયન ફુટબોલ ચેમ્પિયન્સ લીગની ફર્સ્ટ લેગ સેમી ફાઈનલમાં પોર્ટુગલના ક્રીસ્ટીઆનો રોનાલ્ડો નામના ખેલાડીએ 'હેટ્રીક' કરી હતી.

૮.હાલમાં જ ૨૧ વર્ષ પછી ભારતીય ફુટબોલ ટીમ ફિફાના વર્લ્ડ રેન્કીંગમાં ટોપ ૧૦૦ માં સ્થાન મેળવવામાં સફળ રહી હતી.

૯. હાલમાં આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશનના વર્લ્ડ રેંકીંગમાં ટોપ-૧૦૦ માં ભારતના અંચત શરથ કમલ, સૌમ્યજીત ઘોષ અને હરમીત દેસાઈ એમ ત્રણ ખેલાડીઓને સ્થાન મળ્યું છે.

૧૦. હાલમાં જ અમદાવાદની ઝીલ દેસાઈ નામની મહિલા ટેનિસ ખેલાડીની પસંદગી કોમનવેલ્થ યુથ ગેમ્સ માટે કરવામાં આવી હતી.

૧૧. આ વર્ષે મલેશીયા દેશ સામે હારી જવાથી ભારતીય હોકી ટીમે સુલતાન અઝલાન શાહ હોકી કપ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં પ્રવેશવાની તક ગુમાવી હતી.

૧૨. હાલમાં જ શિવ થાપા અને સુમીત સંગવાન એમ બે ભારતીય બોકસરોએ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં સીલ્વર મેડલ જીત્યા હતા ?

૧૩.હાલમાં જ ભારતે ન્યુઝીલેન્ડ દેશને ૪-૦ ગોલથી હરાવીને સુલતાન અઝલાન શાહ કપ હોકી ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

# પોતાની પ્રથમ વન-ડે મેચમાં સદી લગાવનાર બેટસમેનો

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા



એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની પ્રથમ મેચમાં સદી લગાવનાર પ્રથમ બેટસમેન ઈંગ્લેન્ડના ડેનીસ એમીસ હતા.જેમણે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધમાન્ચેસ્ટરમાં ૨૪ ઓગષ્ટ ૧૯૭૨ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૧૬૧ મીનીટમાં ૧૩૪ બોલમાં ૯-૪ ની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા અને પોતાની ટીમને ૬ વિકેટે વિજય અપાવ્યો હતો. આ ઈતીહાસની બીજી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ હતી અને આ સદી આ પ્રકારના ક્રિકેટમાં સર્વ પ્રથમ સદી હતી.

વેસ્ટ ઈન્ડીઝના ડેસમંડ હેઈન્સે પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં સૌથી વધુ રન બનાવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ સેન્ટ જોન્સ ખાતે ૨૨ ફેબ્રુઆરી ૧૯૭૮ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૧૩૬ બોલમાં ૧૬-૪ અને ૨-૬ ની મદદથી ૧૪૮ રન બનાવ્યા હતા. આ મેચમાં વેસ્ટ ઈન્ડીઝનો ૪૪ રને વિજય થયો હતો.

ઝીમ્બાબ્વેના એન્ડી ફલાવરે પણ પોતાની પ્રથમ વન-ડે મેચ રમતા સદી નોંધાવી હતી. ફલાવરે શ્રીલંકા વિરૂદ્ધ ન્યુ પ્લાઈ માઉથમાં ૨૩ ફેબ્રુઆરી, ૧૯૯૨ ના રોજ ૧૫૨ બોલમાં ૮-૪ અને ૧-૬ ની મદદથી અણનમ ૧૧૫ રન નોંધાવીને પોતાની ટીમને વિજય અપાવી શકયો નહોતો. શ્રીલંકા આ મેચ ૩ વિકેટે જીતી લીધી હતી.

પાકિસ્તાનના સલીમ ઈબ્રાહીએ શ્રીલંકા વિરૂદ્ધ ગુજરાનવાળા ખાતે ૨૯ ડીસે.૧૯૯૫ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૧૩૩ બોલમાં ૭-૪ અને ૧-૬ ની મદદથી અણનમ ૧૦૨ રન નોંધાવીને પોતાની ટીમને ૯ વિકેટે વિજય મેળવવામાં મદદરૂપ થયેલ.

ન્યુઝીલેન્ડના માર્ટીન ગુપ્ટીલે વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ ઓકલેન્ડમાં ૧૦ જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં પોતાની પ્રથમ એક દિવસીય મેચ રમતા ૨૦૧ મીનીટમાં ૧૩૫ બોલ રમીને ૮-૪ અને ૨-૬ ની મદદથી અણનમ ૧૨૨ રન નોંધાવીને શાનદાર ઈનીંગ્સ રમવા છતાંય છેવટે વરસાદે આ મેચમાં વિઘ્ન નાખતાં ડ્રોમાં પરિણમી હતી.

દક્ષિણ આફ્રિકાના ઈનગ્રામે ઝીમ્બાબ્વે વિરુદ્ધ બ્લોમફોટીનમાં ૧૫ ઓકટોબર ૨૦૧૦ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૧૨૬ બોલમાં ૮-૪ અને ૨-૬ ની મદદથી ૧૨૪ રન બનાવ્યા હતા. આ મેચ દક્ષિણ આફ્રિકાએ ૫૪ રનોથી જીતી લીધી હતી.

ઝીમ્બાબ્વે વિરૂદ્ધ હરારેમાં ૨૦ ઓકટો.૨૦૧૧ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ન્યુઝીલેન્ડના રોબ નિકોલે પોતાની પ્રથમ વન-ડેઈન્ટરનેશનલ મેચ રમતા ૧૩૧ બોલમાં ૧૧-૪ ની મદદથી અણનમ ૧૦૮ રન નોંધાવીને પોતાની ટીમને ૯ વિકેટે વિજય મેળવવામાં મદદ કરી હતી.ઓસ્ટ્રેલીયાના ફિલીપ હ્યુજીસે શ્રીલંકા વિરૂદ્ધ મેલબોર્ન ખાતે ૧૧ જાન્યુઆરી ૨૦૧૩ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં પોતાની પ્રથમ વન-ડે મેચ રમતા ૧૬૨ મીનીટમાં ૧૨૯ બોલમાં ૧૪-૪ ની મદદથી ૧૧૨ રન બનાવ્યા હતા. આ ફિલીપ હ્યુજીસનું મેદાન પર બોલ વાગતાં ગંભીર રીતે ઘાયલ થતાં તેનું અવસાન થયું હતું.

પોતાની પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં સદી લગાવનાર ઈંગ્લેન્ડનો બીજો ખેલાડી માઈકલ લંબ હતો. જેમણે વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ નોર્થ સાઉન્ડ ખાતે ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં ૧૬૦ મીનીટમાં ૧૧૭ બોલ રમીને ૭-૪ અને ૨-૬ ની મદદથી ૧૦૬ રન બનાવ્યા હતા. ત્યારબાદ પોતાની કેરીયરમાં વધુ બે મેચો રમવા છતાંય એક પણ સદી નોંધાવી નથી.

દુબઈમાં ૧૬ નવે.૨૦૧૫ ના રોજ રમાયેલ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં હોંગકોંગના માર્ક ચૈપમેને યુએઈ વિરૂદ્ધ રમતાપોતાની પ્રથમ વન-ડે મેચમાં ૧૧૬ બોલમાં ૧૧-૪ અને ૨-૬ ની મદદથી અણનમ ૧૨૪ રન બનાવ્યા છે.

પાકિસ્તાનના શાહીદ આફ્રિદીએ પોતાની પ્રથમ વન-ડે મેચમાં રમવાની તક ન મળતાં તેણે પોતાની બીજી વન-ડે મેચમાં શ્રીલંકા વિરૂદ્ધ નૈરોબી ખાતે ૧૪ ઓકટો.૧૯૯૬ ના રોજ પ્રથમ વાર બેટીંગ કરતાં ૪૦ બોલ રમીને ૬-૪અને ૧૧-૬ ની મદદથી ૧૦૨ રન બનાવ્યા હતા. આફ્રિદીએ પોતાની સદી ૩૭ બોલમાં પુરી કરી હતી. જે તે સમયે એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ગણાતો હતો. હવે તે ત્રીજી સૌથી ઝડપી સદી ગણાય છે.ભારતના લોકેશ રાહુલે પોતાની એક દિવસીય આંતર રાષ્ટ્રીય કેરીયરની શરૂઆતમાં શાનદાર પ્રવેશ કરીને ૧૭૬ મીનીટમાં ૧૧૫ બોલ રમીને ૭-૪ અને ૧-૬ નીમદદથી અણનમ ૧૦૦ રન નોંધાવી ભારત તરફથી પ્રથમ વન-ડે મેચમાં સદી નોંધાવનાર એક માત્ર બેટસમેન બનેલ. રાહુલે પોતાની આ ઈનીંગ્સ હરારેમાં ૧૧ જુન ૨૦૧૬ ના રોજ ઝીમ્બાબ્વે વિરૂદ્ધ રમીને ભારતને ૯ વિકેટે વિજય મેળવવામાં મદદ કરી હતી.

અત્યાર સુધી ૧૧ ખેલાડીઓએ પોતાની પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં સદી લગાવવામાં સફળતા મેળવી છે.જ્યારે આર્યલેન્ડનો ઈઓઈન મોર્ગન માત્ર એક રન માટે પોતાની પ્રથમ વન-ડે માં સદી લગાવવાનું ચુકી ગયેલ. મોર્ગને જ્યારે આર્યલેન્ડ તરફથી સ્ટોકલેન્ડ વિરૂદ્ધ આઈ ૨ માં ૫ ઓગષ્ટ, ૨૦૦૬ ના રોજ પોતાની પ્રથમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી ત્યારે તેણે ૯૯ રન બનાવ્યા હતા.

યુએઈના સ્વખીલ પાટીલે પણ સ્કોટલેન્ડ વિરૂદ્ધ લંડનમાં ૧ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ પોતાની પ્રથમ મેચ રમતાં ૯૯ રન બનાવીને અણનમ રહેલ.

**કમલેશ કંસારા**

# આઈપીએલમાં મહેન્દ્ર ધોનીએ શાનદાર રેકોર્ડ પોતાના નામે કર્યો

**ટર્નીંગ પોઈન્ટ**



આઈપીએલમાં રાઈજિંગ પુણે સુપરજાયંટના ખેલાડી મહેન્દ્રસિંહ ધોનીએ આઈપીએલમાં વિકેટની પાછળ ૧૦૦ શિકાર કરવાના આંકડાને સ્પર્શ કરી લીધો છે. ધોની આ ઉપલબ્ધી કિંગ્સ ઈલેવન પંજાબ અને રાઈજિંગ પુણે સુપરજાયંટની વચ્ચે પુણેમાં રમાયેલ મેચ દરમિયાન હાંસલ કરી.કિંગ્સ ઈલેવન પંજાબની ઈનિગ્સની ૧૧.૩ ઓવરમાં ડૈન ક્રિસ્ટિયનની બોલ પર ધોનીએ અક્ષર પટેલનો કેચ પકડીને આ સિધ્ધિ હાંસલ કરી હતી. આ મેચ પહેલા ધોનીના નામે વિકેટની પાછળ ૧૫૬ મેચોમાં ૯૮ શિકાર હતાં તેમાં તેણે ૩૦ બેટસમેનોને સ્ટંપ આઉટ અને ૬૮ વાર બેટસમેનોનો વિકેટ પાછળ કેચ પકડયા હતાં.

મહેન્દ્રસિંઘ ધોની અહીં જ અટકયો ન હતો અને તેણે ૧૩.૪મી ઓવરમાં ઉનાદકટની બોલ પર સ્વપ્નિ સિંહનો કેચ પકડી તેણે કુલ આ આંકડો ૧૦૧ સુધી પહોંચાડી દીધો મહેન્દ્રસિંહ ધોનીએ શરૂઆની ૮ આઈપીએલમાં ચેન્નાઈ સુપરકિંગ્સની સુકાની કરી હતી. ધોનીએ પોતાની સુકાનીમાં ટીમને ત્રણ વાર આઈપીએલનો પુસ્કાર અપાવ્યો હતો ગત વર્ષ તેને પુણે સુપરજાયંટનો સુકાની બનાવ્યો હતો પરંતુ આ વકતે તે ખેલાડી તરીકે રમી રહ્યો છે. આ પહેલો પ્રસંગ છે જયારે આઈપીએલમાં ધોની ખેલાડી તરીકે રમી રહ્યો છે સુકાની તરીકે નહીં.

# ૧૦મી વખત બાર્સિલોનાનો બાદશાહ બન્યો રાફેલ નડાલ

### બાર્સિલોના ઓપન ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી નડાલે ફાઈનલમાં ઓસ્ટ્રીયાના ડોમેનિક થિયેમને ૬-૪, ૬-૧થી આપ્યો પરાજય



રેડ કોર્ટના બાદશાહ ગણાતા સ્પેનના ટેનિસ સ્ટાર રાફેલ નડાલે ફરી એકવખત બાર્સિલોના ઓપન પોતાના નામે કરી લીધુ છે. આ સાથે જ તેણે વધુ એક રેકોર્ડ સ્થાપિત કર્યો છે. નડાલે માન્ટેકાર્લોમાં જીતેલ આ ટાઈટલ સાથે જ બાર્સિલોના ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ ૧૦ વખત જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. ત્યારે હવે તમામની નજરો આગામી સમયમાં શરૂ થવા જઈ રહેલ ફ્રેન્ચ ઓપનમાં નડાલના પ્રદર્શન પર રહેશે. કારણકે ફ્રેન્ચમાં પણ લાલ કોર્ટનો ઉપયોગ થાય છે. જેના પર નડાલનો રેકોર્ડ ખૂબ જ શાનદાર રહ્યો છે. ૩૦ વર્ષીય નડાલે બાર્સિલોના ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની ફાઈનલમાં ચોથો ક્રમ ધરાવતા ઓસ્ટ્રેલિયાના ડોમિનીક થિયેમને એક તરફી મેચમાં માત્ર ૫૧ મિનિટમાં ૬-૪, ૬-૧થી પરાજય આપ્યો હતો. આ સાથે જ નડાલ ૧૦ વખત બાર્સિલોનાનું ટાઈટલ જીતનાર દુનિયાનો પ્રથમ ખેલાડી બની ગયો છે.

નડાલે આ પ્રકારની સિદ્ધી એક વખત નહીં પણ બે વખત મેળવી છે. તેણે ગત સપ્તાહે કાર્લો માસ્ટરનું ટાઈટલ પણ જીત્યુ હતું. આ ટાઈટલ નડાલે ૧૦ વખત પોતાના નામે કર્યુ છે. નડાલ અત્યાર સુધી ૭૧ ટૂર ટાઈટલ અને ૫૧ કલેકોર્ટ ટાઈટલ પોતાના નામે કરી ચુક્યો છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં નડાલનું પ્રદર્શન નિરાશાજનક રહ્યુ છે. ખાસ કરીને નોવાક જોકોવીચ અને ફેડરર સામે નડાલનું નબળુ પ્રદર્શન જોવા મળી રહ્યુ છે. જોકે આ વખતે ફ્રેન્ચ ઓપનમાં લોકો નડાલ પાસે મોટી અપેક્ષા રાખી રહ્યા છે.

# આઈસીસી મહિલા વિશ્વ કપ માટે ભારતીય ટીમની જાહેરાત



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ સોમવારે આઈસીસી મહિલા વિશ્વકપ માટે રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આઈસીસી મહિલા વિશ્વકપની ૧૧મીં સંસ્કરણ ૨૪ જૂનથી ૨૩ જુલાઈ દરમિયાન રમાશે.ટીમની અનુભવી ખેલાડી મિતાલી રાજને ટીમની કમાન સોંપવામાં આવી છે.

ભારતીય મહિલા ટીમે હજી સુધી એકપણ વખત વર્લ્ડકપ જીત્યો નથી.

ત્યારે આ વખતે ટીમનું પર્ફોમન્સ જોતા વર્લ્ડકપની આશા રાખવામાં આવી રહી છે. ભારતીય ટીમને આ વિશ્વકપમાં સ્થાન ફેબ્રુઆરીમાં શ્રીલંકામાં થયેલ વિશ્વકપ ક્વોલીફાયર જીત્યા બાદ મળ્યુ છે. મહિલા બીગ બેશ લીગ (ડબ્લ્યુબીબીએલ)માં ઈજાગ્રસ્ત થયેલ સ્મૃતિ માંધાની ટીમમાં વાપસી થઈ છે. મંધાનાએ રાષ્ટ્રીય ટીમ માટે અંતિમ મેચ ડિસેમ્બર ૨૦૧૬માં એશિયા કપમાં રમી હતી.

**મહિલા ક્રિકેટ ટીમ :**

મિતાલી રાજ (કેપ્ટન), હરમનપ્રીત કૌર, વેદા કૃષ્ણામૂર્તિ, મોના મેશ્રામ, પુનમ રાઉત,દીપ્તી શર્મા, ઝુલન ગોસ્વામી, શિખા પાંડે, એક્તા બિષ્ટ, સુષમા વર્મા, માનસી જોશી, રાજેશ્વરી ગાયકવાડ, પુનમ યાદવ, નુઝહત પરવીન અને સ્મૃતિ મંધાના.

### મિતાલી રાજેને સોંપાઈ ટીમની કમાન

### મહિલા બીગ બેશ લીગ (ડબલ્યુબીબીએલ)માં ઈજાગ્રસ્ત થયેલ ખેલાડી સ્મૃતિ માંધાની ટીમમાં વાપસી

## દીઓદર પંથકમાં ...

પાના નં.૧ ચાલુ

બંન્નેની લાશ પી.એમ. માટે લાવવામાં આવેલ. જ્યારે અન્ય એક બનાવમાં દીઓદર તાલુકાના મકડાલા ગામની સીમમાં અજાણ્યા યુવકની લાશ ઝાડ પર લટકેલી હોવાની જાણ ગ્રામજનોને થતાં લોકો એકઠા થઈ ગયેલ.જેમને પોલીસે જાણકારી આપતાં પોલીસ ઘટના સ્થળે પહોંચેલ અને લાશને ઉતારેલ. અને પી.એમ.માટે લાવેલ.તેમજ તેના વાલી વારસોની શોધખોળ આદરેલ.

## ડીસાના વિરેન ...

પાના નં.૧ ચાલુ

જેમાં આજુબાજુની સોસાયટીના રહીશોનો પણ સહયોગ સાંપડતા રોડ ઉપરના દબાણો હટાવી મેટલિંગ, લેવલિંગ અને ડામરકામ પણ લગભગ પૂરૂ કરી દેવાયુ હતું. પરંતુ પાલિકા દ્વારા કામ શરૂ કરાતા જ જમીનના માલિકોએ પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર અને દબાણ અધિકારી વિરૂધ્ધ દક્ષિણ પોલીસ મથક અને જિલ્લા પોલીસ વડાને પણ લેખિતમાં ફરીયાદ આપી તેઓ હોદ્દાનો દુરઉપયોગ કરી ગેરકાયદેસર રીતે અમારી જમીનમાં રોડ બનાવતા હોવાની રજૂઆત કરી હતી. છતાં કામ ન અટકતા તેમણે નામદાર કોર્ટમાં અપીલ કરી હતી. તેથી નામદાર જજે રોડની યથાવત સ્થિતિ જાળવી રાખવા મનાઈ હુકમ આપ્યો હતો.

જોકે મોટાભાગના રોડનું કામ પુરૂ થઈ ગયું છે. પરંતુ ફુટપાથ અને સ્ટ્રીટ લાઈટનુ કામ બાકી રહી ગયું છે. ત્યારે મનાઈ હુકમની જાણ થતા રહીશો રોષે ભરાયા હતા. રહીશોએ જણાવ્યું હતું કે આ રોડ ૨૦ વર્ષ જૂનો છે. પરંતુ જમીન માલિકો યેનકેન પ્રકારે રોડનું કામ થવા દેતા નથી પરંતુ પાલિકાએ શહેરીજનોના હિતમાં કરેલ કામને બિરદાવી રોડનું બાકી કામ પુરૂ નહી થાય અને પાલિકાના સત્તાધીશો સામે કાર્યવાહી થશે. તો આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી હતી. આમ ફરી એકવાર રોડનું કામ વિવાદોમાં સપડાયું છે.

## જામકામાં ગાય...

અનુસંધાન ૨ નુ ચાલુ..

એથી ઉત્પાદન વધે છે. મનસુખભાઈ સુવાગીયાએ લખેલ ગાય આધારિત કૃષિ પુસ્તક પ્રમાણે શાકભાજીની માવજત કરેલ છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક વગર ૧૦ પ્રકારના શાકભાજી સંપૂર્ણ રોગ મુક્ત છે. ગાયના છાણ - ગોમુત્રથી ટેટી- તરબૂચ - શાકભાજીનું ઉત્પાદન બમણું અને મીઠાશ ચાર ગણી થઈ છે. શાકભાજી, કેરી, તરબૂચ, ટેટીની મીઠાસ, સુગંધ અને છોડ વેલાનો વિકાસ જોઈને જામકાની મુલાકાતે આવતા રાજ્ય અને દેશના ખેડુતો આશ્ચર્યચકિત થઈ જાય છે. રાસાયણિક ખાતરો- જંતુનાશક ઝેરના બેફામ ખર્ચાથી ખેતી આબાદીના બદલે ખોટનો ધંધો બની ગઈ છે અને ખેડૂતો દેવાદારો બન્યા છે. તેમજ જમીન, પાણી, આહાર ઝેરમય થયાં છે. માનવ- ગાયો- પશુધનમાં રોગો- ગર્ભપાત- વંધ્યત્વની માત્રા વધતી જાય છે, અને ઝેર- રસાયણથી સમગ્ર જીવનસૃષ્ટિના અસ્તિત્વ ઉપર ખતરો ઉભો થયો છે ત્યારે દેશી ગાય તેનો સફળ વિકલ્પ અને સમૃધ્ધિ દાતા પુરવાર થઈ છે.

બગસરાના શાપર ગામના શંભુભાઈ ડોબરિયાએ માત્ર દેશી ગાયના છાણ- ગૌમૂત્રથી તલનું વાવેતર કર્યું છે. સમગ્ર સોરાષ્ટ્રમાં રાસાયણિક ખાતર- દવાના તલથી બમણો વિકાસ અને એકર દીઠ ૩૦ મણ ઉત્પાદન નિશ્ચિત છે. જળક્રાંતિ ટ્રસ્ટના પ્રમુખ મનસુખભાઈ સુવાગીયા જણાવે છે કે કિસાનોની આત્મહત્યા અને ગામડું કૃષિ છોડીને શહેર તરફની આંધળી દોટનો સાચો ઉપાય જળરક્ષા, આંગણે દેશીગાય અને ગાય આધારિત કૃષિ છે. આ ત્રણ યોજના આરોગ્ય, જીવસૃષ્ટિનું અસ્તિત્વ, આબાદી, સ્વાવલંબી રોજગાર અને જમીનની માલિકી જાળવી રાખવાનો સાચો ઉપાય છે. જામકા ગામે દેશને જળક્રાંતિ, ગીરક્રાંતિ અને દેશી ગાય આધારિત કૃષિનો માર્ગ બતાવીને કૃષિ પ્રધાન દેશની તિર્થભૂમિ રૂપે નામના મેળવી છે.

## પાલનપુર ખાતે...

પાના નં.૩ ચાલુ

બાકીની ૩ બેઠકો ઉપર કેવી રીતે કબ્જો જમાવવો તે માટે વિશદ ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. આ બેઠકમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના મંત્રી વર્ષા ગાયકવાડ, બનાસકાંઠા લોકસભા નિરીક્ષક જગદીશ ઠાકોર, લાખાભાઈ ભરવાડ, માયાબેન દવે, જિલ્લા પ્રમુખ ઝાકીર ચૌહાણ, સહિત ધારાસભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## અમીરગઢ નજીક...

પાના નં.૩ ચાલુ

તથા ડીસા સર્કલ પી.આઈ.જે.જી.ચાવડાના માર્ગદર્શન હેઠળ અમીરગઢ પી.એસ.આઈ. કે.વાય.વ્યાસ તેમના સ્ટાફ સાથે ગઈકાલે અમીરગઢ બોર્ડર પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા ત્યારે આબુરોડ તરફથી આવતી ચેક પોસ્ટ પર કંપનીની ક્રુઝ કાર નં.ડી.એલ.૧૦.સી.સી.૦૫૬૪ ના ચાલકને ગાડી સાઈડમાં કરાવી તેની તથા તેની સાથે રહેલી મહિલાની પૂછપરછ કરતાં સંજીવકુમાર મેહરસિંહ ગ્રવાલ રહે.દિલ્હી તેમજ ગુણવંતીબેન રણવીર છોટુ જાટ, રહે.મણીકોલોની તા.જી. સોનીમતવાળા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડીના પાછળની ડેકીની તલાશી લેતાં તેમાંથી કિ.રૂા.૧,૩૪,૪૦૦ નો ૩૩૬ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આથી પોલીસે વિદેશી દારૂ તથા કિ.રૂા.૫ લાખની ગાડી, ૧૦૦૦નો મોબાઈલ તેમજ રોકડ રૂા.૨૮,૦૦૦ મળી કુલ રૂા.૬,૬૩,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ બંનેની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## ડુવા ગામે...

પાના નં.૩ ચાલુ

જેમાં રોજે રોજ ભાવ ભક્તિના પ્રસંગો ઉજવાયા હતા જ્યારે છેલ્લા દિવસે શ્રી પાર્શ્વનાથ દાદાના સિખરે ધજા રોહણ કરવામાં આવ્યુ હતુ તેમજ આ ત્રિદિવસીય મહોત્સવના દાતાઓ ઉર્મીલાબેન મનસુખલાલ ભેમાણી વગેરે નુ પણ ડુવા સંઘ વતી બહુમાન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ગુરુભગવંતે પોતાની અમૃતવાણી માં જણાવેલ કે લોકો કેટલાય છે રુપિયા કમાએ છે પરંતુ તે રુપિયા કેવા કામે વાપરવા તે ઓછા લોકોને ખબર હોય છે જે લોકો ભગવાનના કામે કે ધર્મના માર્ગે વાપરે છે તેજ સાચી લક્ષ્મી છે બાકી તો રુપિયાજ કહેવાય. જે લોકો ભગવાનમાં વિશ્વાસ રાખે છે તે ક્યારેય દુખી થતા નથી.

## દૂધ મંડળીના...

પાના નં.૩ ચાલુ

તે માટેના અમલીકૃત આ કાર્યક્રમમાં ડો.કમલેશ એન.પટેલ, ડો.નયનાબેન ચૌધરી, અહમદ રજાકે અને અંતરબેન આર.રાઠોડ દ્વારા ઉપસ્થિત દૂધ ગ્રાહકોને યોગ્ય માહિતી પુરી પાડી હતી સાથે સાથે મહિલાઓના સ્વાસ્થયની પણ તપાસ કરી યોગ્ય માર્ગદર્શન અપાયું હતું.

આ ત્રણ દીવસીય કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં દૂધ ગ્રાહક મહિલાઓ અને ભાઈઓએ હાજરી આપી હતી આ કાર્યક્રમમને સફળ બનાવવા વડાવળ પરાદુધ મંડળીના મંત્રી વિષ્ણુજી વાઘેલા સહિત મંડળીના કર્મચારી ભૂરાભાઈ વાઘેલા તથા કરણસિંહ વાઘેલાએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

## ગુજરાત સરકાર...

પાના નં.૩ ચાલુ

આ તબક્કે એ પણ નોંધવું જોઈએ કે અગાઉના વર્ષોની સરખામણીએ કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ વર્ષ ખુબ જ મોટી રકમની ફાળવણી વાર્ષિક આયોજન પેટે કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧-૧૨ માટે રૂા.૧૩૬.૮૮ કરોડ, વર્ષ ૨૦૧૨ -૧૩ માટે ૧૪૪.૩૪ કરોડ અને વર્ષ ૨૦૧૩ -૧૪ માં આ માટે માત્ર રૂા.૨૩૨.૩૭ કરોડની કાળવણી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ હતી.

## થરામાં ગોળ,...

પાના નં.૮ ચાલુ

